ખાસ જૈનશાળાઓ માટે તૈયાર કરાવેલ

વાંચન માળા—

શ્રી જૈન ધર્મ પ્રવેશ પોથી ભાગ ૨ જો.

છપાવી પ્રસિદ્ધ કર્ત્તા

મેઘજી હીરજી

બુકસેલર્સ એન્ડ પબ્લીશર્સ

પાયધુની મુંબઈ. નં. ૫૬૬

આવૃત્તિ નવમી. નકલ ૧૦૦૦.

વીર સંવત ૨૪૪૫. વિક્રમ સંવત ૧૯૭૫.

સત્યવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સાંકળચંદ હરીલાલે

છાપી—પાંચ કુવા નવા દરવાજા—અમદાવાદ.

મુલ્ય રૂ. ૦-૪-૦.

પ્રસ્તાવના.

આ પુસ્તકની આજે નવમી આવૃત્તિ બહાર પડે છે, તે ઉપરથી એમ કહેવામાં હરકત નથી કે જૈન સમાજમાં આની રચના ધીમે ધીમે લોકાદર પામવા લાગી છે. નાની વયનાં બાળકોને જૈન ધર્મની આવશ્યક વાતો સમજાવવા માટે આ પુસ્તક ઘણું ઉપયોગી થઈ પડ્યું છે. જૈન સમાજની સુપ્રતિષ્ઠિત શાળાઓ પૈકી ધી પન્નાલાલ જૈન હાઇસ્કૂલ-મુંબઈ જેવી અગ્રગણ્ય જૈનસંસ્થાએ પણ આ પુસ્તક પોતાની શાળા માટે મંજુર કરી અમને સવિશેષ ઉત્તેજીત કર્યા છે. અમે આશા રાખીએ છીએ કે સમસ્ત જૈનશાળાના વ્યવસ્થાપક મહાશયો અમારી આ ગ્રંથમાળાને પોતાની જૈનશાળાઓમાં ચાલુ કરી જૈનતત્ત્વનો પ્રચાર કરવામાં સહાયક થઈ પડશે.

આ પુસ્તક પ્રથમ શ્રી જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગ તરફથી બહાર પાડવામાં આવ્યું હતું. પણ તે સંસ્થા પુનઃ પ્રકાશિત કરી શકે એવા સંયોગોમાં ન હોવાથી તેવું સાહસ કરવાની અમને વર્ગના વ્યવસ્થાપક મહાશયોએ પરવાનગી આપી છે; તે બદલ અમો તેમનો અંતઃકરણપૂર્વક ઉપકાર માનીએ છીએ.

પ્રસિદ્ધવક્તા મુનિ મહારાજ શ્રી ચારિત્રવિજયજીએ પોતાના હાથથી જે સુધારા-વધારાઓ પ્રથમ આવૃત્તિ પ્રસંગે કર્યા હતા, તે આમાં પણ મોજુદ છે. એટલે એમાં શાસ્ત્રવિરૂદ્ધ કે જૈન મર્યાદા ઉલંઘે એવી કોઈ વાત હોવાનો સંભવ નથી; છતાં એવો કોઈ દોષ રહી ગયો હોય તો તે ક્ષંતવ્ય છે.

લી. ભવદીય મેઘજી.

श्री

જૈન ધર્મ પ્રવેશપોથી.

ભાગ ૨ જો.

ખંડ ૧ લો.

પાઠ ૧ લો.

જિન દર્શન.

નિયમચંદ નામનો એક છોકરો હતો, તે ટેકીલો હતો, કોઇપણ નિયમ લેતો, તે બરાબર પાળતો હતો; આવી તેનામાં સારી ટેવ હતી, પણ તે ઉતાવળા સ્વભાવનો હતો. કોઇપણ કામ કરે, તો તે ઉતાવળથી કરતો હતો. જે કામ શરૂ કરે; તેને તે ઝંડપથી ગમે તેમ પતાવી દેતો.

એક વખત નિયમચંદ દેરાસરમાં દર્શન કરવા ગયો, અને થોડીજ વારમાં પાછો વળ્યો. તલકચંદ નામના એક શ્રાવકે એને તેમ કરતો દીઠો.

તલકચંદ—અલ્યા! તું કોનો છોકરો છે?

નિયમચંદ—હું શ્રાવકનો છોકરો છું.

તલકચંદ—અહીં કેમ આવ્યો હતો ?

નિયમચંદ—દર્શન કરવાને.

તલકચંદ—આટલી વારમાં તેં કેવી રીતે દર્શન કર્યા ?

નિયમચંદ—ભગવાનની સામે બે હાથ જોડી દર્શન કરી લીધાં.

તલકચંદ—છોકરા ! તું બધી રીતે ડાહ્યો છે, પણ તને દર્શન કરતાં આવડતું નથી.

નિયમચંદ—ત્યારે મને સમજાવો કે તે કેમ કરવાં જોઇએ. ?

તલકચંદ—દર્શનમાં ઉતાવળ કરવી ન જોઇએ.શાંતિ અને ધીરજથી તે કરવાં જોઇએ. જ્યારે આપણે દેરાસરનાં બારણામાં પેશીએ, ત્યારે [1]નિસીહિ એમ ત્રણવાર કહેવું. પછી જ્યારે ભગવાનની મૂર્ત્તિ નજરે દેખાય, ત્યારે તેને પગે લાગવું, પછી દેરાસરને ત્રણ ફેરા ફરી ભગવાનની સામે ઉભા રહી સ્તુતિ ભણવી, પછી ત્રણવાર ખમાસમણ દેવાં, પછી ચૈત્યવંદન કરવું, આવી રીતે કરવાથી દર્શન કર્યાં કહેવાય છે.

---

૧ સંસારનાં કામ નિષેધીને હું દર્શન કરવા આવું છું.

નિયમચંદ—કાકા ! હું તમારો મોટો ઉપકાર માનું છું આવી રીતે દર્શન કરવાની રીત હવે મારા જાણવામાં આવી આજથી ધર્મના કામમાં ઉતાવળ કરવાની મારી કુટેવ હું છોડી દઇશ; પણ મને **નિસીહિ** એટલે શું ? તે સમજાવશો ?

તલકચંદ—જ્યારે આપણે દેરાસરમાં દર્શન કરવા જઇએ, ત્યારે આપણા ઘરનાં કંઇ પણ કામ સંભારવાં ન જોઇએ, તેને માટે **નિસીહિ** કહેવાય છે.

આ સાંભળી નિયમચંદ ઘણો ખુશી થયો અને પછી તે હમેશાં ઉતાવળ કર્યા વગર વિધિ પ્રમાણે દર્શન કરવા લાગ્યો.

સારબોધ.

કોઇ છોકરાએ નિયમચંદની જેમ ઉતાવળથી દેવદર્શન કરવાં નહિ, અને દર્શનનો વિધિ બરાબર જાણવો.

સારાંશ પ્રશ્નો.

૧ દર્શન કેવી રીતે કરવાં ?

૨ દેરાસરનાં બારણામાં પેસતાં શું બોલવું ?

૩ નિસીહિનો અર્થ શું ?

પાઠ ૨ જો.

જિનપૂજા.

બાપા ! તમે કયાં જાઓ છો ?

હું દેરાસરમાં પૂજા કરવા જાઉં છું.

બાપા ! મને સાથે તેડી જશો ?

ચાલ, તને પણ પૂજા કરતાં શીખવીશ.

બાપા ! ચાલો ત્યારે હું આવું છું.

જો, આ અરિહંત ભગવાન્‌ની પ્રતિમા છે.

બાપા ! તેમની પૂજા કેમ કરાય ? તે શીખવો.

પહેલાં ન્હાઇને ચોખ્ખાં લુગડાં પહેરવાં, અને ભગવાનની આશાતના ન થાય, તે માટે મોઢાની આસપાસ લુગડું બાંધવું, પછી પ્રતિમાજીને નવરાવવાં, પછી અંગ લુહણા કરી નવ અંગે તિલક કરવાં, પછી ફૂલ ચઢાવવાં, અને ધૂપ કરવો, અને પછી પાટલા ઉપર ચોખાનો સાથીઓ કરીને ઉપર ફળ અને નૈવેદ્ય મૂકવાં, અને નવકારવાળી ફેરવવી, તથા સ્તુતિ ભણવી. આ પ્રમાણે પ્રભુની પૂજા કરવી જોઇએ.

બાપા ! હવે મારા જાણવામાં આવ્યું; તે પ્રમાણે હું

ભગવાન્‌ની પૂજા અત્યારેજ કરૂં છું, અને હવે પછી હમેશાં સવારે એ રીતે પૂજા કરીને પછી જમીશ.

સારબોધ.

આ પ્રમાણે અરિહંત ભગવાન્‌ની પૂજા કરવાની વિધિ જાણી દરેક શ્રાવકના છોકરાએ હમેશાં પ્રભુની પૂજા કરવી જોઇએ.

સારાંશ પ્રશ્નો.

૧ ભગવાન્‌ની પૂજા કરતી વખતે પહેલાં શું કરવું જોઇએ ?

૨ પ્રતિમાજીને નવરાવીને પછી શું કરવું જોઇયે ?

૩ ફૂલ ચડાવીને પછી શું કરવું ?

૪ ચોખાનો સાથીઓ કરીને પછી શું કરવું ?

પાઠ ૩ જો.

સામાયિક.

શિવકુંવર—બેન વાલબાઈ ! તને સામાયિક આવડે છે ?

વાલબાઈ—ના, બેન ! મને સામાયિક આવડતું નથી.

શિવકુંવર—શ્રાવિકા થઇને સામાયિક જાણુતી નથી, એ કેવી વાત કહેવાય ?

વાલબાઈ—હું સામાયિક ભણુતી હતી, પણ મને તેનાં સમજણ પડી નહિ, એટલે મેં તે છોડી દીધું.

શિવકુંવર—તારી ઈચ્છા હોય તો તને હું સમજાવું.

વાલબાઈ—બેન સમજાવ હું તારો આભાર માનીશ.

શિવકુંવર—સામાયિક કરવાથી ઘણો લાભ થાય છે જેટલી વાર સુધી આપણે સામાયિક કરીએ, તેટલી વાર આપણાથી એક ચિત્તે અરિહંત ભગવાનું ધ્યાન થાય છે. જો કોઈ ભણવું ગણવું હોય, તે પણ શાંતિથી થાય છે. સામાયિકનો અર્થજ સારો લાભ એવો થાય છે, એટલે સામાયિક કરવાથી ઘણા લાભ મેળવી શકાય છે.

વાલબાઈ—સામાયિક કરતી વખતે કેવી રીતે વર્તવું જોઇએ ?

શિવકુંવર—જેટલો વખત સામાયિક લીધું હોય, તેટલો વખત ઘરના કે બીજા વહેવારના વિચાર મનમાં

આવવા ન જોઇએ. તેટલી વાર તો પોતે વહેવારી નથી, પણ સાધુતામાં છીએ, એમ માનવું જોઇએ. એમ કરવાથી સામાયિકના બધા લાભ મળે છે.

વાલબાઈ—વહાલી બહેન! હું હવે સામાયિકની મતબલ બરાબર સમજી. આવતી કાલથી સામાયિકની વિધિ શીખવા માંડીશ, અને તારી સાથે હમેશાં સામાયિક કરવા ઉપાશ્રયે આવીશ.

સારબોધ.

દરેક શ્રાવક શ્રાવિકાએ દરરોજ સામાયિક કરવું, અને વાલબાઇની જેમ સામાયિકનો હેતુ સમજીને તે બરાબર કરવું જોઇએ.

સારાંશ પ્રશ્નો.

૧ શિવકુંવરે સામાયિકને નહિ જાણનારી શ્રાવિકા માટે શું કહ્યું હતું?

૨ સામાયિક કેવી રીતે કરવું જોઇએ?

૩ જેટલી વાર સામાયિક કરવું, તેટલી વાર કેમ વર્તવું જોઇએ ?

૪ સામાયિક કરવાથી શો લાભ થાય ?

૫ સામાયિકમાં શું શું થાય છે ?

૬ સામાયિક વખતે કેવા વિચાર ન કરવા જોઇએ ?

પાઠ ૪ થો.

પડિક્કમણું.

હેમચંદ નામે એક શ્રાવક હતો, તે હમેશાં પડિક્કમણું કરતો, અને પોતાનાં ઘરનાં માણસોને પડિક્કમણું કરવાનું કહેતો, તેને પ્રેમચંદ કરીને એક નાનો છોકરો હતો, તેને પડિક્કમણું આવડતું નહિ, તેથી તેને તે શીખવતો હતો. એક વખતે તેણે પૂછયું—બાપા ! પડિક્કમણુમાં શું હોય ? તે મને સમજાવો.

હેમચંદ—પ્રેમચંદ ! કરેલા પાપથી હઠવું અને તે પાપની દેવગુરૂ પાસે માફી માગવી તે પડિક્કમણું કહેવાય છે, એની ક્રિયામાં પહેલું સામાયિક લેવામાં આવે છે, પછી

પોતાથી બને તે પચ્ચખાણુ લઈ અરિહંત ભગવાનનું ચૈત્ય-વંદન કરાય છે, અને ગુરૂને વાંદણા આપવામાં આવે છે; તે સાથે કેટલાએક કાઉસ્સગ્ગ પણ કરાય છે, એને માટે તને આગળ જતાં હું વધારે સમજાવીશ.

પ્રેમચંદ—બાપા ! પડિક્કમણું કરવાથી પાપની માફી મળે છે. તો હવેથી હું હમેશાં પડિક્કમણું કરીશ, અને તમારી પાસેથી જુદી જુદી બાબતના ખુલાસા લઈશ.

હેમચંદ—દીકરા ? .જો તું એમ કરીશ, તો મને ઘણો સંતોષ થશે. બરાબર વિધિ પ્રમાણે રોજ બે વખત પડિક્કમણું કરવું, એ આપણો ધર્મ છે.

સારબોધ.

હરેક શ્રાવકના છોકરાએ પડિક્કમણું શીખવું અને તેનો હેતુ જાણવાને માટે ખુલાસા કરાવી હંમેશા પડિક્કમણું કરવું.

સારાંશ પ્રશ્નો.

૧ હેમચંદ કેવો શ્રાવક હતો, અને તે શું કરતો હતો ?
૨ પડિક્કમણુમાં શું શું હોય ? તે કહો.

ખંડ ૨ જો.

પાઠ ૫ મો.

દયા (અહિંસા.)

ગંગારામ કરીને એક બ્રાહ્મણનો છોકરો હતો, તે હમેશાં લાકડી લઇને ફરતો હતો. જો કોઈ પશુ, પક્ષી કે બીજું પ્રાણી દેખે તેને તે લાકડી વતી મારતો હતો. એક વખતે દયાળજી નામનો એક બીજો છોકરો તેની પાસે થઇને નીકળ્યો ગંગારામની મારવાની નઠારી ટેવ જોઇને દયાળજીએ કહ્યું, ગંગારામ ! આ તું શું કરે છે ? ગંગારામ બોલ્યો, તારે શું કામ છે ? અમારી જેવી મરજી તેમ અમે કરીએ છીએ દયાળજીએ કહ્યું; ભાઈ! જરા વિચાર કર. આવું પાપનું કામ ન કરવું જોઇએ, ગંગારામે તોછડાઇથી કહ્યું, એમાં શું પાપનું કામ ? દયાળજી બોલ્યો—તારી લાકડી મને આપ, તેનાથી હું તને મારૂં, તો તને કેવું લાગે ? ગંગારામ બોલ્યો—એથી તો મને વસમું લાગે.

દયાળજીએ કહ્યું; જેવી રીતે તને વસમું લાગે, તેવી રીતે બીજાં પ્રાણીને પણ વસમું લાગે કે નહીં? બીજાં બધાં પ્રાણી પણ આપણાં જેવાં છે, માટે કોઈ પ્રાણીને દુઃખ આપવું ન જોઇએ. બીજાને દુઃખ દેવાથી ઘણું પાપ લાગે છે. ગંગારામ બોલ્યો—ભાઈ દયાળજી! તારા કહેવાથી હવે મને બરાબર સમજણ પડી. જેવી રીતે બીજાના મારથી આપણને વસમું લાગે, તેવી રીતે બધાં પ્રાણીને વસમું લાગે, માટે કોઇપણ જીવને મારવો નહિ, કે બીજું દુઃખ દેવું નહિ. દયાળજી! તને આવી સમજણ કોણે પાડી? દયાળજીએ કહ્યું; હું શ્રાવકનો છોકરો છું. અમારા ધર્મમાં જીવદયાને માટે બહુ બોધ લખેલો છે કોઈ પણ જીવને પોતે મારવો નહિ, બીજાની પાસે મરાવવો નહિ, અને બીજા મારતા હોય. તેને વખાણવું નહિ. એવી જિન ભગવાન્ની આજ્ઞા છે. ગંગારામે કહ્યું, ભાઈ દયાળજી! હવેથી હું કદી પણ કોઈ જીવને મારીશ નહિ, અને દુઃખ આપીશ નહિ.

સારબોધ.

દયાળજીની પેઠે દરેક શ્રાવકના છોકરાએ પોતાના મનમાં દયા રાખવી જોઇએ, અને ગંગારામની પેઠે બીજાના કહેવાથી પોતાની કુટેવ છોડી દેવી જોઇએ.

સારાંશ પ્રશ્નો.

૧ ગંગારામ કેવો છોકરો હતો ?

૨ ગંગારામને કેવી ટેવ હતી ?

૩ દયાળજી કેવો છોકરો હતો ?

૪ દયાળજીએ ગંગારામને શું કહ્યું હતું ? તે કહો.

૫ દયાળજીના કહેવાથી ગંગારામને કેવી અસર થઈ હતી ?

૬ જિન ભગવાનની કેવી આજ્ઞા છે ?

જીવ દયા વિષે.

ચોપાઈ.

જગમાં ઝીણું [૧]જનમે [૨]જંત;
પળમાં ઉપજે પળમાં [૩]અંત;
પૃથ્વી જળને વાયુ ઘાસ,
તેમાં ફરતા જંતુ ખાસ. ૧
શ્રાવક તેની રક્ષા કરે,
જતના સાથે ડગલું ભરે;

---

૧ પેદા થાય છે. ૨ જીવ. ૩ નાશ પામે છે.

એજ અહિંસા ધર્મ પ્રમાણુ,
એ જિનવરની આજ્ઞા જાણુ. ૨
પાપી હિંસા કરતા ફરે,
ધર્મી શ્રાવક તેથી ડરે;
જીવ દયાના પાળક જેહ,
ગણુવા શ્રાવક સઘળા. તેહ. ૩

પાઠ ૭ મો.

સત્ય.

ઝવેરચંદ અને પ્રેમચંદ નામના બે છોકરાઓ જૈન શાળામાં એકજ વર્ગની અંદર ભણુતા હતા તેમાં ઝવેરચંદ જાડી બુદ્ધિનો હતો, અને પ્રેમચંદ ઘણો હુંશિયાર હતો. ઝવેરચંદ બુદ્ધિમાં ઉતરતો હતો ખરો, પણુ તેનામાં એક ગુણુ સારો હતો, તે પોતાના વર્ગમાં માસ્તરની પાસે અને ઘરમાં માબાપની પાસે કદિ પણુ ખોટું બોલતો નહિ; જે સત્ય હોય તે કહી દેતો હતો પ્રેમચંદ બુદ્ધિમાં ચતુર હતો, પણુ તેનામાં જુઠું બોલવાની કુટેવ હતી. એક વખત માસ્તરે ઝવેરચંદને પૂછયું, ઝવેરચંદ ! ગઇ કાલે તું કેમ જૈનશાળામાં આવ્યો નહોતો ? ઝવેરચંદે કહ્યું, સાહેબ ! મને પાઠ આવડતો નહોતો, તેથી હું શાળામાં આવવાને

શરમાયો. પછી માસ્તરે પ્રેમચંદને પૂછયું પ્રેમચંદ ! તું ગઈ કાલે શાળામાં કેમ આવ્યો નહોતો ? પ્રેમચંદ બોલ્યો—સાહેબ ! મારે ઘેર કાલે મેમાન આવ્યા હતા; તેથી હું ન્હોતો આવ્યો. માસ્તરે ફરીવાર પૂછયું, તેં કાલે પાઠ કર્યો હતો ? પ્રેમચંદે કહ્યું, હા, સાહેબ ! મેં પાઠ કર્યો હતો. માસ્તરે કહ્યું, ત્યારે કાલનો પાઠ બોલી જા. પ્રેમચંદ બોલ્યો—સાહેબ ! અત્યારે મને યાદ નથી. ગઈ કાલે યાદ હતો. આ પ્રમાણે પ્રેમચંદના કહેવાથી તેના માસ્તરના મનમાં આવ્યું કે, આ છોકરો જુઠું બોલે છે, માટે તેને શિક્ષા કરવી. પછી પ્રેમચંદને છેલ્લો બેસાર્યો, અને ઝવેરચંદના બહુ વખાણ કર્યાં.

માસ્તરે બધા છોકરાને ઉભા કરીને કહ્યું—છોકરાઓ ! તમે બધા આ ઝવેરચંદનો દાખલો લેજો. તેની જેમ સાચું બોલવાની ટેવ રાખજો. આપણાથી કદિ ખરાબ કામ થઈ ગયું હોય, તો પણ જે સાચેસાચું હોય તે કહી દેવું તેમાં ખાસ કરીને પોતાના ધર્મગુરૂ, શિક્ષક કે માબાપની આગળ તો કદિ પણ ખોટું બોલવુંજ નહિ, જે છોકરો સાચું બોલે છે, તેની ઉપર બધા પ્રીતિ રાખે છે કદી તેનામાં બીજા ગુણ હોય, તોપણ ખોટું બોલનારની ઉપર બધાને અભાવ થાય છે. આ ઝવેરચંદ મંદ બુદ્ધિનો છે, તો પણ તે સાચું બોલનારો છે, તો તેની ઉપર મને પ્રેમ આવે

છે, અને આ પ્રેમચંદ ભણુવામાં હુશિયાર છે, પણ તેનામાં જુઠું બોલવાની કુટેવ છે, તેથી મેં તેને છેલ્લો કાઢયો છે, માટે હરેક છોકરાએ સાચુ બોલવાની ટેવ રાખવી.

સારબોધ.

ઝવેરસંદની જેમ સાચું બોલનારા છોકરાને માન મળે છે, અને પ્રેમચંદની જેમ ખોટું બોલનારા છોકરાનું અપમાન થાયછે.

સારાંશ પ્રશ્નો.

૧ ઝવેરચંદ કેવો છોકરો હતો ?

૨ પ્રેમચંદમાં શી કુટેવ હતી ?

૩ ઝવેરચંદને માન મળવાનું, અને પ્રેમચંદનું અપમાન થવાનું શું કારણ હતું ?

૪ કોની કોની આગળ સાચું બોલવું જોઇએ ?

૫ છોકરામાં ગુણ હોય, અને સાચું બોલવાની ટેવ ન હોય તો, તેના ગુણ કેવા કહેવાય ?

પાઠ ૮ મો.

સત્ય વિષે.

દોહરા.

જે શ્રાવકનો સુત[1] વદે,[2] સાચે સાચી વાત;
લાજ વધારી તે બને, લોક વિષે વિખ્યાત.[3] ૧
વિશ્વતણા[4] વે'વારમાં, છે સાચાનું માન;
સર્વ કરે જન પ્રેમથી, સાચાનુ ગુણગાન. ૨
એક સાચની આંટમાં, લાખ તણો વેપાર;
આંચ[5] ન આવે સાચમાં, સુધરે આ સંસાર. ૩
જુઠાનું જગમાં ઘટે માન અને અપમાન;
મૃષાવાદના[6] પાપથી, તે થાયે હેરાન. ૪
માટે શ્રાવક બાળ સૌ, બોલો સાચી વાત;
સત્ય તણું વ્રત ધારીને, સુખ પામો ભલી ભાત. ૫

પાઠ ૯ મો.

ચોરી.

મોહન—ભાઈ નાથાલાલ ! પાપ કરવાથી શું થાય છે, તે તું જાણે છે ?

---

૧ દીકરો. ૨ કહે. ૩ પ્રસિદ્ધ. ૪ જગતના. ૫ હરકત. ૬ ખોટું બોલવાના પાપથી.

નાથાલાલ—હા, પાપ કરવાથી માણસ નરકમાં પડે છે.

મોહન—નરકમાં શું હશે ?

નાથાલાલ—નરકમાં પીડા ભોગવવી પડે છે.

મોહન—નરકની પીડા તો આપણે જોઇ શકતા નથી, પણ જે આ લોકમાં દેખાય તેવી પીડા પાપથી થતી હશે ?

નાથાલાલ—કેટલાંએક એવાં પાપ છે, કે જે કરવાથી આ લોકમાં અને પરલોકમાં પીડા ભોગવવી પડે છે.

મોહન—તેવું પાપ કયું હશે ?

નાથાલાલ—તેવું પાપ ચોરી કરવાથી થાય છે.

મોહન—તે કેવી રીતે ?

નાથાલાલ—ચોરી કરનાર માણસને આ લોકમાં રાજા શિક્ષા કરે છે, અને પરલોકમાં નરકની પીડા ભોગવવી પડે છે.

મોહન—ત્યારે તો ચોરીનું પાપ આ લોક અને પરલોકમાં પણ પીડે છે, તો તે ઘણુંજ નઠારૂં પાપ છે.

નાથાલાલ—હા ભાઈ! ચોરીનું પાપ ઘણુંજ નઠારૂં છે, પણ ચોરીનો અર્થ તું જાણે છે. ?

મોહન—ના, હું જાણુતો નથી, મને તે સમજાવો.

નાથાલાલ—જે કોઇના આપ્યા વિના લઈ લેવું, તે ચોરી કહેવાય છે, અને તે ઉપરથી તેનું બીજું નામ **અદત્તાદાન** કહે છે.

મોહન—કોઇના આપ્યા વિના લેવાથી એટલું બધું પાપ લાગે છે?

નાથાલાલ—પોતાની મનગમતી ચીજને કોઈ ચોરી જાય, એટલે તે ઉપરના રાગને લઇને માણુસનું મન દુખાય છે, અને તેથી ચોરનાર માણુસને પાપ લાગે છે માટે કોઇએ કદિ પણ ચોરી કરવી નહિ. ચોરી કરવાથી આ લોકમાં અને પરલોકમાં દુઃખી થવાય છે.

મોહન—ભાઈ નાથાલાલ? હવે હું સમજ્યો હું કદિ પણ ચોરી કરીશ નહિ, આજ તેં મને બહુ શિખામણુની વાત કહી; તેથી હું તારો પાડ માનું છું.

સારબોધ.

મોહનલાલે જેમ નાથાલાલ પાસેથી બોધ લઈ ચોરી ન કરવાનો નિશ્ચય કર્યો, તેમ બધા છોકરાઓએ તેવો નિશ્ચય કરવો જોઇએ.

સારાંશ પ્રશ્નો.

૧ મોહને નાથાલાલને પહેલાં શું પૂછયું ?
૨ નાથાલાલે તેનો ઉત્તર શો આપ્યો ?
૩ ચોરી કરવાથી કેવી પીડા ભોગવવી પડે છે ?
૪ ચોરીનું પાપ કેવું છે ?
૫ ચોરી કરવાથી પાપ શા માટે લાગે ?
૬ મોહને છેવટે શું કહ્યું ?

પાઠ ૧૦ મો.

ચોરી વિષે.

ચોપાઈ.

આપ્યા વિનાનું લેવું જેહ,
સમજો બાળક ચોરી તેહ;
છુપાવી લે પરની ચીજ,
પાપ તણું તો વાવે બીજ. ૧
ચોરીનાં ફળ માઠાં હોય,
સ્હાય કરે નહિં તેને કોય;
ચોરને રાજા આપે દંડ,
ચોર ઝલાયે ચારે ખંડ[1]

---

૧ પૃથ્વીના ચારે ખંડમાં.

પાઠ ૧૧ મો.

દેવ.

શિષ્ય—ગુરૂજી ? દેવ કોને કહેવાય ?

ગુરૂ—જેનામાં રાગ અને દ્વેષ ન હોય તે દેવ કહેવાય છે.

શિષ્ય—રાગ એટલે શું ?

ગુરૂ—કોઈ ઉપર પ્રીતિ રાખવી તે.

શિષ્ય—દ્વેષ એટલે શું ?

ગુરૂ—કોઈ ઉપર ઇતરાજી રાખવી તે દ્વેષ કહેવાય છે. દેવમાં કોઈ જાતના દોષ હોતાજ નથી, પણ તે ચાર અતિશયથી યુક્ત હોય છે. પહેલા અતિશયથી તેમને કોઇ જાતના સંકટ-દુઃખ નડતાં નથી. બીજા અતિશયથી તેમનામાં બધી જાતનું પૂરૂં જ્ઞાન હોય છે, ત્રીજા અતિશયથી તે ત્રણે જગત્‌ને પૂજા કરવા યોગ્ય થાય છે, અને ચોથા અતિશયથી તેમનાં વચન બધી ભાષામાં સમજાય છે, અને તે સર્વને હિતકારક લાગે છે.

શિષ્ય—ગુરૂજી ! હવે હું દેવના સ્વરૂપને સમજ્યો. અને તેવા દેવ તો શ્રી અરિહંત દેવજ છે, એમ મને ખાત્રી થઈ.

સારબોધ.

શ્રાવકના હરેક છોકરાએ પોતાના સાચા દેવને ઓળખી તેમની ભક્તિ કરવી જોઇએ.

સારાંશ પ્રશ્નો.

૧ દેવ કેવા હોય ?

૨ દેવમાં શું ન હોય ?

૩ રાગ અને દ્વેષ એટલે શું ?

૪ અતિશય કેટલા છે ? અને તે કયા કયા ?

પાઠ ૧૨ મો.

ગુરૂ.

અનુપચંદ નામનો એક શ્રાવક ઘણો વ્હેમી હતો. ગામમાં કોઈ બાવો કે યતિ આવે, તેને તે ગુરૂ તરીકે માનવા દોડી જતો હતો. ઘણા ઢોંગી સન્યાસી, બાવાઓ અને યતિઓ તેને છેતરતા હતા, પછી તે ઘણો પસ્તાવો કરતો હતો આથી તે કંટાળી ગયો, અને તેણે નિશ્ચય કર્યો કે, આ દુનિયામાં કોઇ ધર્મમાં ખરો શુદ્ધ ગુરૂજ નથી એક વખતે તેને ગુણુચંદ નામે એક શ્રાવક મળ્યો, તેની સાથે વાતચિત થતાં અનુપચંદે તેને પૂછયું. શેઠ !

કોઇ ધર્મમાં સાચા ગુરૂ હશે? તેણે કહ્યું હા, આપણા જૈન ધર્મમાં સાચા ગુરૂ ઘણા છે.

અનુપચંદ—સાચા ગુરૂને શી રીતે ઓળખવા?

ગુણચંદ—કોઇ જીવની હિંસા કરે નહિ, હમેશાં સાચું બોલે, ચોરી કરે નહિ; બ્રહ્મચર્ય પાળે, અને પોતાની પાસે કાંઈ પરિગ્રહ રાખે નહિ, એવા પંચમહાવૃતધારી હોય, એ સાચા ગુરૂ કહેવાય છે. એમનું શરણુ લેવું જોઇએ.

અનુપચંદ—તમે કહ્યા એવા ગુરૂ મને કોઈજ મળ્યા નથી, તેથી હું આજ સુધી વ્હેમમાં ભરમાયો, પણ હવે એવા ગુરૂને શરણે જઈ ધર્મ આદરૂં, કે જેથી મારૂં કલ્યાણ થાય.

ગુણચંદ—તેવા ગુરૂ આપણા જૈન મુનિઓ હોય છે,

પછી અનુપચંદ એવા જૈન મુનિને શરણે ગયો, અને તે ગુરૂની ભક્તિથી ધર્મ પામીને સુખી થયો.

સારબોધ.

અનુપચંદની જેમ વ્હેમી ન થવું, વ્હેમી થવાથી ખરા ગુરૂ મળતા નથી; અને ગુણચંદના જેવા સારા શ્રાવકનો સંગ રાખવો, કે જેથી સાચા ગુરૂની સમજ પડે.

સારાંશ પ્રશ્નો.

૧ અનુપચંદ કેવો શ્રાવક હતો ?
૨ અનુપચંદ શું કરતો હતો ?
૩ સાચા ગુરૂને શી રીતે ઓળખવા ?
૪ સાચા ગુરૂ કોણ છે ?

પાઠ ૧૩ મો.

ધર્મ.

છોકરાઓ—ગુરૂજી ! અમારી એક શંકા દૂર કરશો ?

ગુરૂજી—શી શંકા છે ?

છોકરાઓ—અમે ધર્મ એટલે શું ? એ બરાબર સમજતા નથી, માટે અમને એ વિષે ટુંકામાં સમજાવો.

ગુરૂજી—છોકરાઓ ! ધર્મને માટે તમે કેટલું સમજ્યા છો ? તે કહો

છોકરાઓ—અમે તો એટલું સમજીએ છીએ કે, "સારૂં કામ જે નીતિ તે ધર્મ"

ગુરૂજી—ત્યારે તમને શંકા શી રહે છે ?

છોકરાઓ—કોઈ સારા કામને ધર્મ કહે છે, કોઈ જીવ દયા પાળવી તેને ધર્મ કહે છે, કોઈ દહેરે દર્શન કે

પૂજા કરવા જવું, એને ધર્મ કહે છે, અને કોઈ સાધુને વાંદવું, એને ધર્મ કહે છે. કહો, તેમાં સાચું શું ?

ગુરૂજી—છોકરાઓ ! તમે જે જે કહ્યું, એ બધું ધર્મમાં આવી જાય છે, પણ ધર્મનો ટુંકો અર્થ એવો છે કે, જે નઠારી સ્થિતિમાં પડતા, એવાં પ્રાણીને ધારણ કરી બચાવે, તે ધર્મ કહેવાય છે. તેના ત્રણ પ્રકાર પડે છે. ૧ સાચી વસ્તુનું જ્ઞાન થવું, ૨ સાચા દેવ, ગુરૂને ઓળખી તેમાં રૂચિ થવી, અને ૩ સંસારમાં તથા ત્યાગમાં સારી વર્તણુંક રાખવી. આ ત્રણ પ્રકારથી બરાબર ધર્મ સચવાય છે, વળી નીતિથી વર્તવું જોઇએ, કેમકે નીતિ એ ધર્મનો પાયો છે.

છોકરાઓ—ગુરૂજી ! હવે અમે ધર્મને માટે કેટલુંક સમજી ગયા, આપે અમારા ઉપર મોટો ઉપકાર કર્યો છે

સારબોધ.

માણસે સાચો ધર્મ ઓળખવો, અને પછી તે ધર્મ પ્રમાણે ચાલવું.

સારાંશ પ્રશ્નો.

૧ છોકરાઓએ શી શંકા કરી હતી ?

૨ ધર્મનો ટુંકો અર્થ શો ?

૩ ધર્મના ત્રણ પ્રકાર કહો. ?

પાઠ ૧૪ મો.

ઈશ્વર જગત્કર્તા નથી.

બાપા ! આ જગત્નો રચનાર કોઇ હશે કે ?

બેટા ! ના, જગત્નો બનાવનાર કોઈ છેજ નહીં.

બાપા ! બીજા મતના લોકો ઈશ્વરને જગત્નો કર્ત્તા માને છે અને તેઓ કહે છે કે, આ જગત્ પરમેશ્વરે બનાવ્યું છે, એનું શું સમજવું ?

એ વાત તદ્દન ખોટી છે. આ જગત્ ઘણા કાળથી ચાલ્યું આવે છે, તેનો કોઈ કર્ત્તા છેજ નહીં

બાપા ! કર્ત્તા વિના કોઈ ચીજ શી રીતે બને ?

બેટા ! ત્યારે તો ઈશ્વરનો પણ કર્ત્તા હોવો જોઇએ વળી એ કર્ત્તાનો કર્ત્તા હોવો જોઇએ; એમ તો પારજ ન આવે.

હા બાપા ! એ વાત ખરી છે, જો ઈશ્વરે બધી ચીજ બનાવી હોય, તો પછી ઈશ્વર પાપ, અધર્મ, અનીતિ વિગેરે શા માટે થવાદે ? વળી કોઇને સુખી, કોઇને દુઃખી, અને કોઇને રોગી શા માટે બનાવે ? જો એવો પક્ષપાત કરે, તો ઈશ્વર અન્યાયી ઠરે, માટે હવે મને નિશ્ચય થયો કે, કોઈ રીતે ઇશ્વર આ જગત્નો કર્ત્તા થઈ શકતો નથી. સારાં નઠારાં કર્મને લઇને જીવને સુખ દુઃખ મળ્યા કરે છે.

બેટા ! હવે તું બરાબર સમજ્યો. તારી આવી સમજણ જોઇને હું ખુશી થાઉં છું.

સારબોધ.

શ્રાવકના દરેક છોકરાએ માનવું કે, જગત્નો કોઈ કર્ત્તા નથી, અને પોતાનાં કરેલાં પાપ પુન્યનો બદલો એની મેળેજ મળ્યા કરે છે.

સારાંશ પ્રશ્નો.

૧ આ જગત્ કેવું છે ?

૨ જગત્નો કર્ત્તા કોઈ નથી, તેનું શું કારણ ?

૩ ઇશ્વિર જગત્નો કર્ત્તા માનીએ, તો શો દોષ આવે ?

૪ જીવ સુખી અને દુઃખી શેને લઇને થાય છે ?

પાઠ ૧૫ મો.

રાત્રિભોજન.

ચંદુલાલ—કેમ પ્રાણુલાલ ! ઉતાવળો ક્યાં જાય છે ?

પ્રાણુલાલ—હું જમવાને જાઉં છું.

ચંદુલાલ—આટલો બધો ઉતાવળો કેમ જાય છે ?

પ્રાણુલાલ—સાંઝ પડવા આવી છે, જો હવે વાર કરૂં તો રાત પડી જાય.

ચંદુલાલ—રાત પડે તેમાં શી હરકત છે !

પ્રાણુલાલ—પછી રાત્રે જમાય નહિ.

ચંદુલાલ—રાત્રે શા માટે ન જમાય ?

પ્રાણુલાલ—અરે ચંદુલાલ ! શ્રાવક થઇને આ શું બોલે છે ? શ્રાવકનો દીકરો રાત્રે કદી પણ જમે નહિ.

ચંદુલાલ—રાત્રે જમવાથી શું થાય ?

પ્રાણુલાલ—ચંદુલાલ ? રાત્રે જમવાથી પાપ લાગે છે. તું કોઈ વાર રાત્રે જમે છે કે ?

ચંદુલાલ—પ્રાણુલાલ ! હું તો ઘણીવાર રાત્રે જમું છું. ફક્ત મારા બાપા અને મારી મા જમતાં નથી. મારે માટે છુટ છે.

પ્રાણુલાલ—ચંદુલાલ ! એ ઘણું ખોટું કહેવાય. રાત્રે જમવાથી એકલું પાપ લાગે છે, એટલુંજ નહિ, પણ કોઈ વાર જીવનું જોખમ થઈ જાય છે.

રાત્રે ઝીણા જીવજંતુ ઘણા થાય છે, તે આપણા ભાણામાં પડીને મરણ પામે છે. વળી જો કોઇ ઝેરી જીવ તેમાં પડે, અથવા બોટી જાય, તો તેથી જીવનું જોખમ થાય છે, માટે રાત્રિભોજન કરવું નહિ, એવી જિનદેવની આજ્ઞા છે.

ચંદુલાલ ! એ ખરી વાત છે. હવેથી હું કદી પણ રાત્રિભોજન કરીશ નહિ. શ્રાવકના છોકરાએ રાત્રિભોજન વર્જવું જોઇએ.

સારબોધ.

દરેક શ્રાવકના છોકરાએ ચંદુલાલની જેમ રાત્રિભોજન ન કરવું જોઇએ.

સાંરાંક્ષ પ્રશ્નો.

૧ પ્રાણુલાલ અને ચંદુલાલ કેવા છોકરા હતા?
૨ પ્રાણુલાલ ઉતાવળો શા માટે જતો હતો?
૩ રાત્રિભોજન કરવાથી શા શા ગેરફાયદા થાય છે?
૪ ચંદુલાલે આખરે શું કર્યું?

પાઠ ૧૬ મો.

અભક્ષ્ય.

ગોવિંદ કરીને એક શ્રાવકનો છોકરો હતો. તે ઘણો ખાઉકણુ હતો. ચૌટામાં જે કાંઇ ખાવાની ચીજ મળે, તે વેચાતી લઇને ખાતો હતો. કોઇ કોઇ વાર તો તેના બાપની પાસેથી કજીયો કરીને પણ ખાવાની ચીજ લેવરાવતો હતો; એવો એ ખાઉકણુ હતો. એક વખતે તે વાડીમાં ફરવા ગયો, ત્યાં કોઈ વેલ ઉપર ઘણાં બીવાળું એક નાનું ફળ તેના જોવામાં આવ્યું. તેણે તે અજાણ્યું ફળ તોડીને ખાધું. અને થોડી વાર પછી તેના માથામાં ઘણા ચાસકા આવવા લાગ્યા. તે રોતો રોતો ઘેર આવ્યો. તેના બાપાએ પૂછયું, બેટા ગોવિંદ! તું કેમ રડે છે?

ગોવિંદ—મેં કાંઈ અજાણ્યું ફળ ખાધું છે, તેથી મને માથામાં બહુ ચાસકા આવે છે; તે મારાથી ખમાતા નથી.

હરિચંદ—ગોવિંદ! મેં તને અજાણ્યાં ફળ ખા-

વાને ઘણી વાર ના કહી છે, છતાં તું અજાણ્યાં ફળ ખાય છે, તેનું આવું પરિણામ આવ્યું.

ગોવિંદ—બાપા ! મને જલદી કોઈ ઉપાય કરો, માથામાં ઘણી પીડા થાય છે, હવેથી હું કદિ પણ અજાણ્યાં ફળ ખાઇશ નહિ, અને આજથી ખાઉકણુપણાની ટેવ છોડી દઇશ.

પછી તેના બાપા એને વૈદ્યને ઘેર લઇ ગયા, અને ત્રણ દિવસ સુધી દવા કરી, ત્યારે ગોવિંદ સાજો થયો.

આ ગોવિંદનો દાખલો લઇ કોણ પણ શ્રાવકે અજાણ્યાં ફળ ખાવાં નહિ, અજાણ્યાં ફળ અભક્ષ્યમાં ગણાય છે. તેમાં બીજા ઘણાં અભક્ષ્ય છે. કંદ, મૂળ, માંસ, દારૂ, વેગણ, પીપરની પેપી, વિગેરે મુખ્ય છે; જે એકંદર બાવીશ જાતનાં છે એ અભક્ષ્ય વસ્તુ ખાવામાં ઘણું પાપ લાગે છે.

સારબોધ.

શ્રાવકના ~~દીકરાએ~~એ બધી જાતના અભક્ષ્યનો ત્યાગ કરવો જોઇએ. અજાણ્યાં અને અભક્ષ્ય ફળ ખાવાથી ગોવિંદના જેવી વલે થાય છે.

સારાંશ પ્રશ્નો.

૧ ગોવિંદને કેવી ટેવ હતી ?

૨ ગોવિંદે શું ખાધું હતું ? અને તેથી શું થયું હતું ?

૩ અજાણ્યાં ફળ ખાવાથી બીજું શું થાય છે?
૪ મુખ્ય અભક્ષ્ય કયા? અને તે એકંદર કેટલા છે?

પાઠ ૧૭ મો.

શ્રાવકના આચાર.

હરિગીત.

જે કંદને ળી મૂળીઆં લીલોતરી બહુ થાય છે.
બહુ બીજ વેંગણ પેપિઓજઅનંતકાય ગણાય છે;
તેમાં ધરે બહુ સ્વાદ નવ દરકાર કરતા જાનની,
નહિ લોકમાં એ રીત એવી જૈનનાં સંતાનની. ૧
રાતે જમે દીવા કરી ધરતા દયા નહિ અંગમાં,
ધરી ભાવ સર્વ અભક્ષ્યનો રહેતા કુસંગિ સંગમાં;
નહિ પાપ આપ વિચારતા ઈચ્છા ધરે પણ માનની;
નહિ લોકમાં એ રીત એવી જૈનનાં સંતાનની ૨
શોખી બની સંસારના જે સાત વ્યસનો સેવતા,
બહુ માની ગમ્મત ગાળમાં અપશબ્દ આપ ઉચ્ચારતા;
કરતાં ફરે છે ધૂન નિર્લજ નિત્ય નાટક ગાનની,
નહિ લોકમાં એ રીત એવી જૈનના સંતાનની. ૩

ખંડ ૩ જો.

પાઠ ૧૮ મો.

હિંમત.

ગમરૂ કરીને એક છોકરો હતો, તે બચપણમાંથી બીકણ હતો જેમ જેમ તે મોટી ઉમ્મરનો થતો ગયો, તેમ તેમ તેનો બીકણ સ્વભાવ વધતો ગયો. તે ધોળે દિવસે પણ કોઇ જગ્યામાં એકલો રહી શકતો નહોતો, તો રાતે અંધારામાં તો શેનોજ રહી શકે? કોઈ કોઈ વાર તો તે પોતાના પડછાયાથી પણ બીતો હતો. ચોમાસામાં જ્યારે વીજળી કે ગડગડાટ થાય ત્યારે તે ગાભરો બનીને મોટી રાડો પાડતો હતો. કોઇ પણ નાનું મોટું પ્રાણી તેના જોવામાં આવે, અથવા તેના શરીરને જરા વાગે, તો તે પોકે પોકે રડતો હતો.

ગભરૂના આવા બીકણ સ્વભાવથી તેનાં માબાપ વિગેરે બધાં કંટાળી ગયાં હતાં. તે જૈનશાળામાં એકલો ભણવા

જઇ શકતો નહિ, તેથી તેના બાપને મુકવા, અને લેવા જવું પડતું હતું. ગભરૂના બાપના કહેવાથી તેના માસ્તરે હિંમતલાલ નામના એક બહાદૂર છોકરાને તેનો ગોઠીયો કર્યો. હિમતલાલમાં નામ પ્રમાણે ગુણ હતો, એટલે તેનામાં હિંમત ઘણી હતી. એક વખત હિંમતલાલે ગભરૂને કહ્યું, ગભરૂ ! તું મારી સાથે બહાર ચાલ, તો તને હિંમત આપું.

ગભરૂ—હિંમત શી ચીજ હશે ? અને તે આપણી પાસે હોય તો, શું કામ લાગે ?

હિંમતલાલ—ગભરૂ ! જો આપણી પાસે હિંમત હોય, તો પછી આપણે કોઇનાથી બીએ નહિ.

ગભરૂ—ભાઇ હિંમતલાલ ! મને તેવી હિંમત આપ. કારણ કે, હું ઘણો બીકણ છું.

હિંમતલાલ—ગભરૂ ! તું શેનાથી બીએ છે ?

ગભરૂ—હું બધાથી બીઉં છું

હિંમતલાલ—શા માટે બીએ છે ?

ગભરૂ—રખે મને કોઈ હરકત કરે, એવી મને બીક રહ્યાજ કરે છે.

હિંમતલાલ—હવેથી તું તારા મનમાં એવો વિચાર કરજે કે, મને કોઇ હરકત કરનાર નથી બીજાને જેમ હાથ પગ છે, તેમ મારે પણ હાથ પગ છે. જેવી બીજામાં શક્તિ

છે, તેવી મારામાં શક્તિ છે. આવો વિચાર કરવાથી તારા મનમાં હિંમત આવશે, અને તે હિંમતને લઇને તારા શરીરમાં જોર આવશે, એટલે તને કોઇની બીક લાગશે નહિ

ગભરૂ—હિંમતલાલ ! એ તારૂં કહેવું ખરૂં છે, એવા વિચાર કરવાથી બીક લાગે નહીં. હવેથી હું એમજ કરવાની ટેવ પાડીશ,

હિંમતલાલ—એનું નામજ હિંમત છે. જેનામાં એવી હિમંત હોય, તે માણુસ કોઈનાથી ડરતો નથી. જેનામાં હિંમત ન હોય, તે માણુસને હલકામાં હલકો માણુસ પણ દબાવે છે, એટલુંજ નહિ પણ લોકો તેને નાહિંમત કહી નમાલો ગણે છે, માટે દરેક છોકરાએ હિંમત રાખવી જોઇએ.

ગભરૂ—ભાઇ હિંમતલાલ ! હવે હું બરાબર સમજ્યો છું. હું હવે કોઇથી ડરવાનો નથી.

પછી ગભરૂ હમેશાં હિંમતલાલની સોબતમાં રહીને તેની પેઠે હિંમતવાળો થયો, અને તેના બાપને તેથી ઘણોજ સંતોષ થયો.

સારબોધ.

દરેક છોકરાએ હિંમતલાલની જેમ હિંમત રાખવી જોઇએ, અને ગભરૂની જેમ નાહિંમત થવું ન જોઇએ,

---

સારાંશ પ્રશ્નો.

૧ ગભરૂ કેવો છોકરો હતો ?
૨ હિંમતલાલ કેવો છોકરો હતો ?
૩ ગભરૂને હિંમતલાલની સોબત તેના બાપે શા માટે કરાવી ?
૪ હિંમતલાલે ગભરૂને હિંમત રાખવાને માટે શું કહ્યું હતું ?
૫ ગભરૂ આખરે કેવો છોકરો થયો ?
૬ નાહિંમત થવાથી શો ગેરલાભ છે ?

પાઠ ૧૯ મો.

હિંમત વિષે.

ચોપાઇ.

ધરજો હિંમત શ્રાવક બાળ,
હિંમતની છે કીંમત હાલ;
હિંમત લાવે ધર્મ સધાય,
હિંમત કરતાં મળશે રહાય. ૧
તપસ્યામાં પણ હિંમત હોય,
હિમંત હારી ફાવે ન કોય;

હિંમત રાખો વીરના બાળ,
હિંમત કરવાનો આ [1]કાળ. ૨
હિંમત ધરવા રાખો પ્રીત,
ઉદય થવાની એ છે રીત;
હિંમતથી સૌ સરશે કામ,
હિંમતથી સૌ રાખો નામ. ૩

પાઠ ૨૦ મો.

વિનય.

હરિચંદ્ર કરીને એક છોકરો હતો, તેના બાપે વિનય શીખવાને માટે એક સારા પંડિતને સોંપ્યો. હરિચંદ્ર ઘણો ઉછાછળો હોવાથી તેનામાં વિનય ગુણ નહોતો. ચતુર પંડિતે તેને માટે ઘણી મહેનત કરવા માંડી, હંમેશાં તેને સારી સારી શીખામણ આપી, વિનયને માટે સમજાવવા માંડયો, તો પણ તે સમજ્યો નહિ. એક વખતે તે પંડિતની પાડોશમાં એક ઘર તુટી પડયું. ઘરધણી તે પંડિતની પાસે દોડતો આવ્યો તેણે આવી પંડિતને કહ્યું કે, મારૂં ઘર તુટી પડયું છે, માટે તેને આધાર મુકવાને એક લાકડાનો કકડો આપો. પંડિતે તે ઘરધણીને પેલો મૂર્ખ છોકરો

1 વખત.

બતાવીને કહ્યું કે, આ વિનય વગરનો છોકરો થાંભલા જેવો જડ છે, તેને લઈ જાઓ એ સાંભળી છોકરે રોવા માંડયું ને કરગરવા લાગ્યો, કે મને લઈ જશો નહિ, મારાથી ઘર રાખી શકાશે નહીં. મારી ઉપર ઘર તુટી પડશે, તો હું મરી જઈશ એમ ઘણી આજીજી કરી, ત્યારે તે પંડિતે કહ્યું—છોકરા ! તારે થાંભલો થવાને જવું પડશે.

છોકરો—હું થાંભલો થવા શા માટે જાઉં ?

પંડિત—જેનામાં વિનય ન હોય, તે માણસ થાંભલા જેવો જડ જાણવો, તું પણ એવો છે માટે.

છોકરો—પંડિતજી મને થાંભલો થવા મે કલશો નહિ, હું હવેથી વિનયી થઇશ

પંડિત—તું વિનય શીખીશ, તો મને સંતોષ થશે.

છોકરો—મને વિનય શીખવવા કૃપા કરો.

પંડિત—હંમેશાં ગુરૂ, માબાપ અને બીજા મોટેરા હોય, તેમની સાથે નમ્રતા રાખવી, બધાની સાથે સભ્યતાથી વર્ત્તવું, અને સૌને મીઠી વાણીથી બોલાવવા.

છોકરો—પંડિતજી ! હું આપની આ શીખામણ કદિ ભુલીશ નહીં. મારામાં અવિનય હતો, એને માટે માફ કરશો.

પછી વિનય ગુણ શિખીને તે છોકરો ઘણો વિનયી થયો, એ જાણીને તેનો બાપ ઘણો ખુશી થઇ વ્હાલથી તેને પોતાને ઘેર લઇ ગયો.

સારબોધ.

વિનય વગરનો માણસ થાંભલા જેવો જડ ગણાય છે. થાંભલો તો ઘરને ટેકો પણ આપે છે. અને વિનય વગરનો માણસ તો નકામા જેવો ગણાય છે. માટે વિનયી થવું જોઇએ.

સારાંશ પ્રશ્નો.

હરિચંદ્રને તેના બાપે કેમ મોકલ્યો હતો ?

૨ પંડિતે તે છોકરાને કેવી યુક્તિથી વિનય શિખવ્યો ?

૩ હરિચંદ્રને વિનય શીખવાની મરજી ક્યારે થઇ ?

૪ વિનયમાં શું શીખવું જોઇએ ? તે કહી બતાવો.

પાઠ ૨૧ મો.

ચોખ્ખાઈ.

બા ! આપણા દેરાસરના નોકરે મારૂં અપમાન કર્યું.

બેન ! તેણે તારૂં શું અપમાન કર્યું વારૂ ?

બા ! તેણે મને દેરાસરમાં જતાં અટકાવી.

તને શા માટે અટકાવી ?

બા ! એણે મને કહ્યું કે, તું શ્રાવકની દીકરી નથી, પણ કોઇ બીજી જાતની છોડી છે. નહીં તો આવી ગંદી હોય કે ?

પછી તેં શું કહ્યું. બેન ?

બા ! મેં તેને કહ્યું કે, હું શ્રાવકની દીકરી છું, મારા બાપનું નામ મગન શેઠ છે, અને મારી બાનું નામ ધનીબા છે.

પછી તેણે શું કહ્યું ?

તેણે કહ્યું કે, શ્રાવકની દીકરી આવી ગંદી ન હોય, શ્રાવકનાં છોકરાં તો ચોખ્ખાં હોય છે; તેઓ પોતાનાં શરીર લૂગડાં અને વાળ હંમેશાં સાફસુફ રાખે છે.

ખરી વાત છે, બેન ! મેં તને ઘણીવાર કહેલું છે કે, તું હંમેશાં ચોખ્ખાઇ રાખજે, તને જોઇને મને પણ શરમ આવે છે. તું કોઇ દિવસ ચોળીને ન્હાતી નથી. મેલાં કપડાં પહેરે છે, તારી આંખોમાં ચીપડા હોય છે, બરાબર દાતણ કરી મોઢું પણ ધોતી નથી, તારા વાળ ઘણાજ ગંદા રહે છે. તેમાં જુઓ પણ પડેલી હશે. હવેથી

ચોખ્ખાઇ રાખજે. જો તું ચોખ્ખાઇ રાખીશ તો, તારી ઉપર બધાનો પ્રેમ થશે, તને બોલાવશે અને તને પાસે બેસાડશે.

બહુ સારૂં બા ! હવેથી હું હમેશાં ચોખ્ખી રહીશ. હું તમારા જેવા આબરૂદારની દીકરી છું, તે છતાં દેરાસરનો નોકર મને હલકી જાતની કહે, એ કેવી શરમની વાત ?

ખરૂં બેન ! પણ જો તું હવેથી ચોખ્ખાઇ રાખીશ તો, પછી, તને કદિ કોઈ એમ કહેશે નહિ.

સારબોધ.

શ્રાવકનાં છોકરાંએ ગંદુ રહેવું ન જોઇએ. જો તે ગંદા રહે તો, હલકી જાતનાં છોકરામાં ખપે.

સારાંશ પ્રશ્નો.

૧ તે છોકરીને દેરાસરના નોકરે શા માટે અટકાવી હતી ?

૨ શ્રાવકનાં છોકરાં કેવાં હોવાં જોઇએ ?

૩ ગંદા છોકરાં કેવાં હોય છે ?

પાઠ ૨૨ મો.

ચોખ્ખાઇ વિષે.

ચોપાઈ.

જુઓ ભાઈ આ જૈનનો બાળ,
કેશર કેરૂં ચંદન [1]ભાલ;
પહેર્યો સુંદર છે પોષાક.
[2]વસ્ત્રો જાણે ચળકે [3]ખાપ. ૧

મેલ વિનાના માથે વાળ,
ચોખ્ખાઇમાં છે તેનો ખ્યાલ;
ચ્હેરામાં કેવો ચળકાટ,
સુઘડતા રાખે ભલિભાત. ૨

દાતણ કરવા પર છે પ્રીત,
[4]નિર્મળ [5]નીરે ન્હાયે નિત;
રાખે ચોખ્ખાં સરવે [6]અંગ,
ગંદા જનનો ન કરે સંગ. ૩

---

૧ કપાલ. ૨ લુગડાં. ૩ અરીસા જેવાં ચળકે છે. ૪ મેલ વગરનું. ૫ પાણી. ૬ શરીર.

ખંડ ૪ થો.

પાઠ ૨૩ મો.

જીવ.

મગન કરીને એક છોકરો હતો, તે ઘણો ચાલાક અને હમેશાં સારા વિચાર કરનારો હતો. તે રોજ જૈન પાઠશાળામાં ભણવા જતો, અને રસ્તામાં જે કાંઇ જુવે તેનો વિચાર કરતો, ને તે વિચારમાં કાંઇ શંકા રહે તો, તે પોતાના શિક્ષકને પુછી તેનો ખુલાસો મેળવતો હતો.

એક વખતે તેને રસ્તામાં વિચાર થયો કે, જીવ એ શું હશે ? તે મારે જાણવું જોઇએ. એવું વિચારી તેણે પોતાના શિક્ષકની સાથે નીચે પ્રમાણે વાતચીત કરી.

મગન—જીવ કોને કહે છે, સાહેબ ?

શિક્ષક—જેમાં સુખ દુઃખ વિગેરે જાણવાની શક્તિ હોય, તે જીવ કહેવાય છે.

મગન—જીવથી શું શું થાય છે ?

શિક્ષક—જીવ હોય તો શરીર વધે, ખોરાક લેવાય, તે વડે હાથ પગ હાલે ચાલે, મોઢું હસે બોલે, અને જો જીવ ન હોય, તો પગ, હાથ, મોઢું કાંઈ કરી શકતા નથી.

મગન—એ શિવાય બીજું કાંઇ વધારે સમજવાનું છે?

શિક્ષક—હા જીવ હોય તો જીભ ચાખે, શરીરને લાગે, આંખ દેખે, નાક સુંઘે, કાન સાંભળે, અને મન વિચારે, પણ જો જીવ ન હોય, તો તે કાંઇ કરી શકતાં નથી. બધાં નકામાં છે. આ પ્રમાણે શિક્ષકનું કહેવું સાંભળીને મગન ખુશી થયો.

સારબોધ.

હરેક છોકરે મગનની પેઠે વિચાર કરવાની ટેવ પાડવી અને તે વિચાર પોતાના ગુરૂની આગળ જણાવી, તેનો ખુલાસો મેળવવો; તેથી પોતાના જ્ઞાનમાં વધારો થાય છે.

સારાંશ પ્રશ્નો.

૧ મગન કેવો છોકરો હતો ?

૨ તેનામાં કેવી ટેવ હતી ?

૩ મગનને શંકા રહેતી, ત્યારે તે શું કરતો ?
૪ મગનને રસ્તામાં કેવો વિચાર થયો હતો ?
૫ જીવ કોને કહેવાય ?
૬ જીવથી શું શું થાય છે ?
૭ જીવ હોય તો જીભ, શરીર, આંખ, નાક, કાન અને મન શું શું કરે ?

પાઠ ૨૪ મો.

જીવ અને ઇંદ્રિયો.

જીવો અને ભીખો કરીને બે છોકરા હતા, તેઓ ઘણા તોફાની હતા. જૈનશાળામાં ભણવા જતા, અને વર્ગમાં સારો નંબર રાખતા, પણ તેમનામાં તોફાન કરવાની કુટેવ પડી હતી. એક વખતે શાળામાંથી છુટયા પછી, તેઓ મેદાનમાં પોતાનાં અંગરખાં કાઢી પવનમાં ઉડાડતા હતા, અને તેની ઉપર માટીનાં ઢેફાં ઉછાળતા હતા, તે વખતે હીરાલાલ નામે એક છોકરો ત્યાં આવી ચડયો. તે ઘણો ડાહ્યો અને ધર્મી હતો, તેણે જીવાને અને ભીખાને ઠપકો આપ્યો, અને કહ્યું કે, તમે જીવહિંસા કરો છો, તે પરથી જીવો અને ભીખો બંને ખડખડ હસી પડયા.

જીવો—વારૂ ભાઇ હીરાલાલ ! મેં લૂગડું જરા પવનમાં ઉડાડયું અને ભીખાએ માટીનું ઢેપું ઉછાળ્યું, તેમાં જીવહિંસા શેની ?

હીરાલાલ—તે કરવાથી એક ઇંદ્રિયવાળા જીવની હિંસા થાય છે.

જીવો—જીવને વળી ઇંદ્રિયો હોય, એ વાત તો અમે આજેજ જાણી. ઇંદ્રિય શું ચીજ હશે વારૂ ?

હીરાલાલ—આપણે કાંઈ પણ કામ કરવું હોય તો, તે ઇંદ્રિયોથી થાય છે, અને તેથી જે કાંઇ પણ કામ કરવાનું સાધન તે ઇંદ્રિયો કહેવાય છે.

ભીખો—તે ઈંદ્રિયોથી શું શું કામ થાય છે ? અને તે ઈંદ્રિયો કેટલી છે, તે સમજાવીશ ?

હીરાલાલ—બધી મળીને પાંચ ઈંદ્રિયો છે આપણું આ શરીર તે પહેલી ઈંદ્રિય છે, તેનાથી આપણે હાલીએ ચાલીએ છીએ, બીજી ઈંદ્રિય જીભ છે, તેનાથી આપણે સ્વાદ લઈ શકીએ છીએ, ત્રીજી ઇંદ્રિય નાક છે, તેનાથી આપણે સુંઘી શકીએ છીએ, ચોથી ઇંદ્રિય આંખ છે, તેનાથી આપણે જોઈ શકીએ છીએ, અને પાંચમી ઈંદ્રિય કાન છે, તેનાથી આપણે સાંભળી શકીએ છીએ.

ભીખો—જીવના કેટલા ભેદ છે?

હીરાલાલ—જીવની બધી મળીને છ જાતિ છે, તે છકાય એવા નામથી ઓળખાય છે. માટીના જીવ તે પૃથ્વીકાય, પાણીના જીવ તે અપકાય, અગ્નિના જીવ તે તેઉકાય, પવનના જીવ તે વાયુકાય, અને ઝાડપાલાના જીવ તે વનસ્પતિકાય. એ જાતિના જીવોને એકેંદ્રિય કહે છે.

જીવો—તેં તો છકાયની પાંચજ જાતિ ગણાવી છઠ્ઠી કઈ જાતિ? તે કહે.

હીરાલાલ—ભાઈ જીવા! અધીરો થા નહિ. તને તે વિષે પણ સમજાવીશ. છકાયમાં છઠ્ઠી જાતિ ત્રસકાય જીવની છે; જે જીવને એકથી વધારે ઈંદ્રિયો હોય, તે ત્રસકાય જીવ કહેવાય છે; જેટલા જીવ આપણે હાલતા ચાલતા જોઇએ છીએ, તે બધા ત્રસકાય જીવ છે.

ભીખો—ભાઈ હીરાલાલ! અમોએ એકેંદ્રિય જીવની હિંસા શી રીતે કરી? તે સમજાવ.

હીરાલાલ—તમે કપડાંને પવનમાં ઉડાડો છો, તેથી જે પવનના જીવ છે, તે હણાય છે, અને માટીના ઢેફાંને ઉછાળો છો. તેથી પૃથ્વીકાયના જીવ હણાય છે, તેથી તમે જીવહિંસા કરો છો, એ વાત સાચી કે ખોટી?

જીવો અને ભીખો—ભાઈ હીરાલાલ, તારૂં કહેવું બરાબર છે. આજથી હવે અમે કોઈ વાર પણ તેવી નકામી

રમત કરીશું નહીં, તેં અમને પાપ કરતાં બચાવ્યા, તેને માટે તારો ઉપકાર માનીએ છીએ.

સારબોધ.

કોઈ પણ શ્રાવકના છોકરાએ જીવા અને ભીખાની જેમ તોફાની થવું નહિ, અને તેના જેવા નઠરા ચાળા કરીને જીવહિંસાનું પાપ કરવું નહિ કદિ ભુલથી તેવું પાપ કરતા હોઇએ અને જો હીરાલાલ જેવો ભલો ધર્મી છોકરો સમજાવે, તો તે વાત સમજીને કબુલ કરવી, અને તેનો ઉપકાર માનવો કદિ છોકરા ભણવામાં સારા હોય, પણ તોફાની હોય તો, તે સારા ગણાતા નથી.

સારાંશ પ્રશ્નો.

૧ જીવો અને ભીખો કેવા છોકરા હતા?

૨ તેમનામાં કેવી કુટેવ પડી હતી?

૩ હીરાલાલ કેવો છોકરો હતો? અને તેણે જીવા અને ભીખાને શું કહ્યું હતું?

૪ જીવને કેટલી ઇંદ્રિયો હોય છે?

૫ ઇંદ્રિય એટલે શું?

૬ બધી ઇંદ્રિયોનાં નામ અને તેનાથી શું શું કામ થાય છે? તે સમજાવો.

૭ જીવની બધી મળીને કેટલી જાતિ છે?
૮ તે છ જાતિ કેવા નામથી ઓળખાય છે, અને તેનાં જુદાં જુદાં નામ શું થાય? તે કહો.
૯ ત્રસકાય એટલે શું?
૧૦ એકેંદ્રિય જીવ કોણ?

પાઠ ૨૫ મો.

જીવની વિશેષ સમજ.

મોહન—બાપા! આ બાગમાં મોટા પાંજરા જેવું શું છે?

બાપા—ભાઇ! તે જીવોનું સંગ્રહસ્થાન છે.

મોહન—તેમાં શું હશે?

તેમાં જાતજાતના ત્રસ જીવો છે.

મોહન—ત્યારે તેમાં શું જોવાનું છે? ચાલો આપણે ઘેર જઇએ.

બાપા—આમ શું બોલે છે? તેમાં તો ઘણું જોવાનું છે. આપણા શ્રાવક ધર્મમાં જીવ વિચારનું જ્ઞાન તો જરૂર મેળવવાનું છે.

મોહન—બાપા! હા એ વાત ખરી. ચાલો આપણે જોઈએ, પણ બાપા! મને તમે સમજાવજો.

બાપા—બહુ સારૂ, તને તે વિષે હું સારી રીતે સમજાવીશ.

મોહન—બાપા ? આ પાણીના કુંડામાં કેવા જીવછે?

બાપા—શંખલા, કોડીઓ, ગંડોળા; જળો, અળસીયાં અને પોરા વિગેરે જળના જીવ છે. તેમને શરીર અને જીભ બેજ ઇંદ્રિયો હોય છે. તેથી તે બેઈંદ્રિય કહેવાય છે.

મોહન—બાપા ! આ હારબંધ ચાલ્યા જાય છે તે કયા જીવ છે ?

બાપા—તે મંકોડા, કીડીઓ, જૂં ઉધેઇ, ધીમેલ, ગીંગોડા, ગધૈયા, ધનેડાં કંથવા, અને ચેળ વિગેરે જીવછે; તેમને શરીર, જીભ અને નાક એ ત્રણ ઇંદ્રિયો છે, તેથી તેંદ્રિય જીવ કહેવાય છે.

મોહન—બાપા ? આ ખાનામાં કેવી જાતના જીવ ઉડે છે ?

બાપા—તે ભમરા, ભમરી, ટીડ, મચ્છર, ડાંસ અને કંસારી વિગેરે જીવ છે; તેમને શરીર, જીભ, નાક અને આંખો એ ચાર ઇંદ્રિયો છે તેથી તે ચૌરિંદ્રિય જીવ કહેવાય છે,

મોહન—બાપા ? આ મોટાં પશુ, પખી છે, તેઓ કેવા જીવ કહેવાય ?

બાપા—તે બધા પાંચ ઇંદ્રિયવાળા જીવ કહેવાય છે. તેમનામાં શરીર, જીભ, નાક, આંખ અને કાન એ પાંચ ઈંદ્રિયો છે.

મોહન—બાપા ! ત્યારે આપણે કઈ જાતના જીવ કહેવાઇએ !

બાપા-આપણે બધા પાંચ ઇંદ્રિયવાળા જીવ કહેવાઇએ.

મોહન—બાપા ? હવે મને બરાબર સમજણ પડી આ જીવના સંગ્રહસ્થાનમાં પણ મને સારો બોધ થયો. તેથી હું તમારો આભાર માનું છું. આ બધા ત્રસજીવ કહેવાય છે, ખરૂં કે બાપા !

બાપા—હા ભાઈ.

સારબોધ.

છોકરાએ હરેક વસ્તુ ઉપર વિચાર કરવો; જેથી મોહનને જેમ જીવના સંગ્રહસ્થાનપરથી સારો બોધ થયો તેમ બોધ થાય. મોહને પોતાના બાપનો જેમ આભાર માન્યો હતો, તેમ હરેક છોકરાએ પોતાને બોધ કરાવનારનો આભાર માનવો.

સારાંશ પ્રશ્નો.

૧ બે ઈંદ્રિયોવાળા જીવને બે ઇંદ્રિયો કઇ હોય !
૨ મોહને બે ઇંદ્રિયોવાળા જીવ જોયા હતા, તે ક્યા જીવ !
૩ તેરિંદ્રિય જીવને કઇ કઇ ત્રણ ઈંદ્રિયો હોય !
૪ તેરિંદ્રિય જીવ ક્યા ! તેના નામ આપો.
૫ ચૌરિંદ્રિય જીવને કઈ કઈ ચાર ઇંદ્રિયો હોય !
૬ ચૌરિંદ્રિ જીવનાં નામ આપો
૭ પંચેદ્રિય જીવ ક્યા ? અને તેમની પાંચ ઈંદ્રિયો કઇ તે ગણાવો.
૮ આ પાઠમાં કયા જીવોની વાત છે !

પાઠ ૨૬ મો.

અજીવ.

મોતીચંદ અને નિયમચંદ નામના બે બાળવિદ્યાર્થીઓ દરરોજ જૈન પાઠશાળામાં સાથે ભણતા હતા. મોતીચંદ ડાહ્યો અને બુદ્ધિમાન હતો, અને નિયમચંદ જરા મંદ બુદ્ધિવાળો હતો. પાઠશાળાનો શિક્ષક જ્યારે તેમને સમજાવતો ત્યારે મોતીચંદ તરત ગ્રહણ કરી લેતો, અને નિયમચંદના મગજમાં તે વાત ઉતરતી નહોતી.

એક વખતે બંને શાળામાંથી છુટયા, ત્યારે તેમની વચ્ચે નીચે પ્રમાણે વાતચીત થઇ.

નિયમચંદ—ભાઇ મોતીચંદ? આજે અભ્યાસમાં તું શું સમજ્યો? તે કહે.

મોતીચંદ—ભાઈ નિયમચંદ? આજે તો અજીવ ઉપર આપણા શિક્ષકે સારૂં સમજાવ્યું, અને મારા મનમાં તે બરાબર ઠસી પણ ગયું.

નિયમચંદ—ભાઈ? હું તો તેમાં કાંઈ પણ સમજ્યો નથી. મને મહેરબાની કરીને સમજાવીશ?

મોતીચંદ—ઘણી ખુશીથી. તું મારો મિત્ર છે, વળી તને સમજાવાથી મને ઘણો લાભ થશે. કારણ કે, આપણા માસ્તરે એક વખત કહ્યું હતું કે બીજાને ભણાવવું, એ પોતાને ભણવા જેવું છે. વ્હાલા ભાઇ? તને જે ન સમજાયું હોય, તે પુછ.

નિયમચંદ—પહેલાં અજીવ એટલે શું? તે કહે.

મોતીચંદ—જેમાં વધવાની શક્તિ ન હોય, તે અજીવ કહેવાય છે.

નિયમચંદ—અજીવના કેટલા ભેદ છે?

મોતીચંદ—અજીવના પાંચ ભેદ છે.

નિયમચંદ—તેનાં નામ અને સમજૂતી આપો.

મોતીચંદ—ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, અને કાળ—એવાં તેનાં નામ છે. જેમાં પૂરણ થવાની તથા ગળવાની શક્તિ હોય, તે પુદ્ગલાસ્તિકાય[1] કહેવાય છે. જીવ અને પુદ્ગલને હાલવા ચાલવામાં મદદ કરે તે, **ધર્માસ્તિકાય** જીવ અને પુદ્ગલને સ્થીર રાખવામાં મદદ કરે, તે **અધર્માસ્તિકાય;** જીવ અને પુદ્ગલને અવકાશ આપે, તે **આકાશાસ્તિકાય** અને જે નવી વસ્તુને જુની કરે; અને જુનીને નવી કરે, તે કાળ કહેવાય છે.

નિયમચંદ—ભાઇ મોતીચંદ ? હવે મને કાંઈક સમજણ પડી. તેને માટે તારો આભાર માનું છું.

સારબોધ.

મોતીચંદ અને નિયમચંદ બંનેની પાસેથી શો બોધ લેવાનો છે ? તે વિદ્યાર્થીએ પોતાની મેળેજ વિચારી લેવું. મોતીચંદે જેમ નિયમચંદને સમજણ પાડવા મદદ કરી, તેમ દરેક બુદ્ધિમાન્ વિદ્યાર્થીએ બીજા થોડી બુદ્ધિવાળા વિદ્યાર્થીને મદદ કરવી જોઇએ. નિયમચંદ જેમ ખંતથી બીજાને પૂછી પૂછીને શીખ્યો, તેમ સર્વ વિદ્યાર્થીએ શીખવામાં ખંત રાખવી જોઇએ.

---

૧ અસ્તિ એટલે પ્રદેશ અને કાય એટલે સમૂહ

સારાંશ પ્રશ્નો.

૧ મોતીચંદ અને નિયમચંદ કેવા હતા?
૨ મોતીચંદ અને નિયમચંદની વચ્ચે શી વાત થઈ હતી?
૩ અજીવ એટલે શું?
૩ અજીવના કેટલા ભેદ છે? તેના નામ આપો.
૫ પુદ્ગલાસ્તિકાય એટલે શું?
૬ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એટલે શું?
૭ આકાશાસ્તિકાય અને કાળ એટલે શું?

પાઠ ૨૭ મો.

પુણ્યબંધ.

ભાઇ ધર્મચંદ્ર ! આજે પાઠશાળામાં મોડો કેમ આવ્યો? અને તારા ચ્હેરા ઉપર ખુશી કેમ દેખાય છે?

ધર્મચંદ્ર—વ્હાલા પ્રેમચંદ્ર! હું તો બરાબર વખત સર આવતો હતો, ત્યાં કોઇ મુનિરાજ મને સામા મળ્યા. મેં તેમને પુછયું, તમારે શું જોઇએ છે? મુનિએ કહ્યું કે અમે વિહાર કરતા આવીએ છીએ, અને ઉતરવાને માટે જગા જોઇએ છે. તરતજ હું પાછો વળ્યો, અને તે

મુનિને મારે ઘેર લઇ ગયો. તેમને આહારપાણી આપી, મારા એક જુના ઘરમાં ઉતારી, સુવાને બીછાનું અને લુગડાં આપ્યાં. તે સાથે મેં તેમની સ્તુનિ અને સેવા કરી. છેવટે બે હાથે નમસ્કાર કરીને તરત પાઠશાળામાં આવ્યો. તેટલી વાર રોકાવાથી મને વિલંબ થયો છે. આજે મારાથી આવું સારૂં પુણ્યનું કામ થયું, તેથી મારા ચ્હેરા ઉપર ખુશાલી તરી આવી છે.

પ્રેમચંદ્ર—વ્હાલા ભાઇ ! તે પુણ્યનું કામ છે, એવું તેં શી રીતે જાણ્યુ ?

ધર્મચંદ્ર-ભાઈ પ્રેમચંદ ! મુનિરાજની સેવા કરવી, તેમજ ગમે તે દુઃખી હોય, તેને મદદ કરવી, તે પુણ્ય કહેવાય છે. તે પુણ્ય નવ રીતે થાય છે તે નવે રીત આજે મારે હાથે થઈ, તેથી મને વધારે ખુશી ઉપજે છે.

પ્રેમચંદ્ર—તે પુણ્ય નવ રીત કઇ તે ઓળખાવીશ ?

ધર્મચંદ્ર—૧ ભુખ્યાને અન્ન આપવું ૨ તરસ્યાને પાણી પાવું ૩ અનાશ્રયને રહેવા આશ્રય આપવો ૪ સુવાને પથારી આપવી. ૫ પહેરવા ઓઢવાને લુગડાં આપવાં. ૬ તેવાને માટે મનમાં સારા વિચાર કરવા. ૭ મોઢેથી સ્તુતિ કરવી. ૮ કાયાથી સેવા કરવી, અને ૯ બે હાથ

જોડી નમસ્કાર કરવો. એ નવ પ્રકારે પુણ્ય બંધાય છે, અને તે શિવાય બીજાં પણ ઘણાં પુણ્ય બાંધવાના કારણ છે, માટે એને પુણ્યબંધ કહે છે.

પ્રેમચંદ્ર—વ્હાલા ભાઇ ! તારી પાસેથી આ પુણ્યની વાત જાણી મને ઘણો આનંદ થયો. હવેથી હું પણ હંમેશાં એવાં પુણ્યનાં કામ કરીશ.

સારબોધ.

દરેક શ્રાવકના બાળકે ધર્મચંદ્રની જેમ પુણ્ય બાંધવું, એને પ્રેમચંદની જેમ બીજાની પાસેથી સાંભળીને તે પ્રમાણે વર્તવા પ્રયત્ન કરવો.

સારાંશ પ્રશ્નો.

૧ ધર્મચંદ્ર અને પ્રેમચંદ્રને કયાં વાતચીત થઇ હતી ?

૨ ધર્મચંદ્ર પાઠશાળામાં મોડો આવ્યો તેનું શું કારણ હતું ?.

૩ પુણ્ય બાંધવાના કેટલા પ્રકાર ?

૪ ધર્મચંદ્રે પુણ્ય કેટલે પ્રકારે અને કેવી રીતે બાંધ્યું હતું ?

૫ આ પાઠનો સારબોધ શું ?

પાઠ ૨૮ મો.

પુણ્ય બાંધવાની નવ રીત.

છપ્પો.

ભૂખ્યાને દે અન્ન, તરસ્યાને દે પાણી,
ઉતરવા દે સ્થાન, સંત કે સજ્જન જાણી;
બિછાવી આપે સેજ, વસ્ત્રની તગી ભાંગે,
શુભ ચિંતન દિલમાંહ્ય, બોલ પ્રિય મુખથી જાગે.
વળી સેવા નમન કરે ઘણું, જાણી વ્યવહાર ધર્મને;
એવા શ્રાવક રત્નો સમા, બાંધે પુણ્યના કર્મને.

પાઠ ૨૯ મો.

પુણ્યનું ફળ.

છોકરાઓ—મહેતાજી સાહેબ ! ગઇ કાલે અમે બધા છોકરાઓએ જાતજાતની કસરત કરવા માંડી, તેમાં કેટલાએક હાફી ગયા, કેટલાએક પડી ગયા, અને કેટલાએક થાકી ગયા, પણ આ વાડીલાલને કાંઇ જણાયું નહી. દરેક કસરતમાં તે આગળ પડયો, અને તેના શરીરને કાંઈ પણ હરકત આવી નહીં. અમે બધા તેના જેવડા છીએ, અને ભણવામાં સાથે છીએ તે છતાં તેના જેવી તંદુરસ્તી અમારામાં કેમ નહીં હોય વારૂ ?

મહેતાજી—છોકરાઓ ? તમે કહ્યુ, તે બરાબર છે, તમારા બધાઓમાં વાડીલાલ તંદુરસ્ત છોકરો છે, તેનું કારણ તેનાં પુણ્ય છે

છોકરાઓ—શું પુણ્યથી તંદુરસ્ત થવાય છે ?

મહેતાજી—હા, પુણ્યથી તંદુરસ્ત થવાય છે, એટલુંજ નહીં, પણ પુણ્યથી બીજાં પણ ઘણી જાતનાં સુખ મળે છે.

છોકરાઓ—સાહેબ ? પુણ્યથી શું શું થાય ? તે કહો.

મહેતાજી—પુણ્યથી જીવ સુખસાતામાં રહે છે, ઉંચા કુળમાં જન્મે છે, શરીરે તંદુરસ્ત રહે છે, શરીરની બધી ઇંદ્રિયો નરવી રહે છે, હાથ; પગ વિગેરે અંગ મજબુત થાય છે, શરીર સુંવાળું ને ગોરૂં રહે છે, શરીરનું વજન જોઇએ તેવું થાય છે, શ્વાસોશ્વાસ સારી રીતે લઇ શકાય છે, દુનિયામાં [1]લોકપ્રિય થવાય છે, કંઠનો સ્વર સારો મીઠાશવાળો હોય છે, લોકમાં સારી આબરૂ વધે છે, યશ ફેલાય છે, અને છેવટે તીર્થંકરની પદવી પણ મળી શકે છે.

છોકરાઓ—મહેતાજી ? પુણ્યથી એટલું બધું સારૂં થાય છે, એ વાત તો અમે આજેજ જાણી. અમે તે જાણીને

---

૧ લોકોમાં સહુને ગમે તેવો થવાય છે.

ઘણા ખુશી થયા છીએ, અને તમારો આભાર માનીએ છીએ. આજથી અમે બધા હમેશાં બની શકે તેટલું પુણ્યનું કામ કરીશું.

સારબોધ.

મહેતાજી અને છોકરાઓ વચ્ચેની આ વાત ઉપરથી સમજાય છે કે, પુણ્યથી કેટલું બધું ભલું થાય છે? એ જાણી હરેક છોકરાએ પુણ્યનાં કામ કરવાં.

સારાંશ પ્રશ્નો.

૧ વાડીલાલ તંદુરસ્ત હતો, તેનું શું કારણ?
૨ પુણ્યથી શું શું થાય, તે કહો.
૩ મહેતાજીનો આભાર માની છોકરાઓએ શું કરવાનું કબુલ કર્યું?

પાઠ ૩૦ મો.

પાપ.

રામનગરમાં એક શ્રાવકે જૈન પાઠશાળા સ્થાપી, તે પાઠશાળામાં તેણે એક સારા માસ્તરની નીમણુંક કરી,

અને તે માસ્તરને જણાવ્યું કે, તમારે પાઠશાળામાં જુદા જુદા બે વર્ગ પાડવા. પહેલા વર્ગમાં જે સારા છોકરાઓ હોય, તેમને રાખવા અને બીજા વર્ગમાં જે નઠારા છોકરા હોય, તેમને બેસાડવા. જે સારા છોકરાનો વર્ગ હતો, તેમાં બધા છોકરાઓ એકઠા થયા. કોઇ નઠારા વર્ગમાં ગયું નહિ, ત્યારે માસ્તરે આવી કહ્યું કે, જે નઠારા છોકરા હોય, તે પેલા બીજા વર્ગમાં બેસો, અને સારા છોકરા હોય, તે અહીં બેસી રહો તે માંહેથી એક ગોવિંદ નામનો છોકરો ઉભો થઇ બોલ્યો. માસ્તર સાહેબ ! સાદા છોકરા કયા અને નઠારા છોકરા કયા, તે શી રીતે જણાય ? માસ્તરે કહ્યું,— જે પાપી હોય, તે નઠારો છોકરો કહેવાય છે, અને જે પાપી ન હોય, તે સારો છોકરો કહેવાય છે. ગોવિંદે નમ્રતાથી જણાવ્યું, માસ્તર સાહેબ ! પાપી કોણ કહેવાય ? તે અમને સમજાવો.

માસ્તર—જે અઢાર જાતનાં નઠારાં કામ કરે, તે પાપી કહેવાય છે, અને જે તેવાં કામ ન કરે, તે પાપી કહેવાતો નથી.

ગોવિંદ—એ અઢાર જાતનાં નઠારાં કામ કયાં સમજાવશો ?

માસ્તર—હા, સાંભળો, ૧ કોઈપણ જીવના પ્રાણનો

નાશ કરવો. ૨ ખોટું બોલવું. ૩ ચોરી કરવી, ૪ વ્યભિચાર કરવો. ૫ લોભથી ઘણી ચીજનો સંગ્રહ કરવો. ૬ ગુસ્સો કરવો. ૭ અહંકાર રાખવો. ૮ કપટ કરવું. ૯ લોભ કરવો. ૧૦ કોઈ માણુસ અથવા ચીજમાં પ્રીતિ જોડવી. ૧૧ દ્વેષ કરવો. ૧૨ કજીયો-ટંટો કરવો. ૧૩ ખોટું આળ ચડાવવું. ૧૪ ચાડી ખાવી. ૧૫ પ્રીતિ અપ્રીતિ કરવી. ૧૬ બીજાની નિંદા કરવી. ૧૭ કપટથી ખોટું બોલવું. અને ૧૮ મિથ્યાત્વશલ્ય હૃદયમાં રાખવું. આ અઢાર રીતે પાપ બંધાય છે, તેથી તેમ કરનારા છોકરાને પાપી ગણી નઠારા વર્ગમાં દાખલ કરવો પડશે, અને જે તેવો પાપી નહિ હોય, તેને સારા વર્ગમાં દાખલ કરવો પડશે.

તે સાંભળી ગોવિંદ અને બધા છોકરાઓ બોલી ઉઠયા. આ અઢાર જાતનાં પાપ તો સાધુ મહારાજથી મુકી શકાય.

માસ્તર—છોકરાઓ ! જેમાં તમારી મતલબ ન સરતી હોય, તેમ તમારાં સગાં સંબંધીનું કામ પણ ન હોય, તેવી નકામી રીતે તેવાં પાપ ન કરવાં જોઇએ, અને તેની મર્યાદા રાખવી જોઇએ.

છોકરાઓ—તે કેવી રીતે મર્યાદા રાખવી ?

માસ્તર—તે તમોને હું હવે પછી સમજાવીશ.

છોકરાઓ—બહુ સારૂં માસ્તર સાહેબ ? હવે અમે તેવાં પાપ બનતાં સુધી કોઈ રીતે નહીં કરીએ અને બહુ વિચારીને દરેક કામમાં વર્તીશું, કે જેથી અઢાર જાતનાં પાપ અમોને લાગે નહીં.

પછી બધા છોકરાઓ એવી રીતે વર્તવા લાગ્યા કે, કોઇ છોકરો તે નઠારા વર્ગમાં આવ્યોજ નહીં, અને છેવટે માસ્તરે નઠારા છોકરાના વર્ગને તદ્દન કાઢી નાખ્યો. વાહ વાહ ? ! એ કેવા ડાહ્યા છોકરા ? ?

સારબોધ.

છોકરાંએ હમેશાં. સારા થવું. અઢારપ્રકારે પાપ થાય છે, તે વાત ધ્યાનમાં રાખી કદી પણ પાપી થવું નહીં પાપી થવાથી નઠારા છોકરાના વર્ગમાં ગણાઇએ છીએ.

૧ રામનગરની પાઠશાળામાં કેટલા વર્ગ પાડ્યા હતા ?

સારાંશ પ્રશ્નો.

અને તે પડવાનો હેતુ શું હતો ?

૨ પાપ કેટલી રીતે બંધાય ? તે કહો.

૩ પાપના બધા પ્રકાર કેવી રીતે છે ? તેનો ટુંકામાં સાર કહો.

પાઠ ૩૧ મો.

પાપનું ફળ.

જગુ નામનો એક નાનો છોકરો રોતો રોતો નિશાળેથી ઘરે આવ્યો. તેના બાપાએ કહ્યું કે, બેટા ! કહે શા માટે રડે છે ?

જગુ—બાપા ! આજે માસ્તરે મને કહ્યું કે, જગુ ! તારાથી કોઈ એવું પાપ થયું છે કે, જેનાથી તને વિદ્યા ચઢતી નથી ? માટે હવે કાંઈ પણ પાપ કરીશ નહિ, નહિ તો પાછો આવતા જન્મમાં તું મૂર્ખ થઈશ. બાપા ! આ પ્રમાણે માસ્તરના કહેવાથી મને બહું ખોટું લાગ્યું, પણ તે વખતે હું કાંઈ બોલ્યો નહિ. કારણ કે, તમે મને શીખવ્યું છે કે, માસ્તર એ વિદ્યા આપનાર ગુરૂ કહેવાય, તેથી તેઓ જે કહે, તે સાચું માનવું, અને તેમની સામે કદિ પણ બોલવું નહિ. પછી નિશાળમાં રજા થઇ, એટલે હું ઘેર આવવા નીકળ્યો, ત્યાં કેટલાએક નઠારા છોકરાઓ મને પાપી કહેવા લાગ્યા; આથી મને ખોટું લાગ્યું, અને હું રોતો રોતો અહીં આવ્યો

બાપા—તારા માસ્તરે જે વાત કહી છે, તે સાચી છે. દરેક પ્રાણીને કરેલું પાપ ભોગવવું પડે છે તને જે

નઠારા છોકરાએ પાપી કહ્યો, તે સારૂં કર્યું નહીં, કોઈ પણ માણસને પાપી કે નઠારો કહેવો, તે ઠીક ન કહેવાય; તેમ કહેવાથી પણ પાપ લાગે છે.

જગુ—બાપા ? આપણે પાપ કરીએ તેનું શું શું નઠારૂં ફળ મળે, મને સમજાવશો ?

બાપા—હા, સાંભળ કરેલું પાપ બ્યાસી પ્રકારે ભોગવાય છે, તેમાં જે મુખ્ય બાબત છે, તે ધ્યાન આપી સાંભળજે. જો પાપ કર્યું હોય, તો બુદ્ધિ ઓછી થાય છે, અને તેથી વિદ્યા ચડતી નથી તેને જ્ઞાનમાં અંતરાય, એટલે અડચણો આવે છે કોઇ માણુસ તેને કોઇ જાતની મદદ આપતો નથી. તેના ઘરમાં પૈસો હોય, તે છતાં તે કોઇને આપી શક્તો નથી, તેનાથી કોઈ જાતનાં સુખ મેળવાતાં નથી, તેને જોઈતી ચીજ મળતી નથી, તેનામાં શક્તિ છતાં તે સારો ઉપયોગ કરી શક્તો નથી, તેને ઉંઘ તથા સુસ્તિ બહુ રહે છે, તેનો જન્મ હલકા કુળમાં થાય છે, સર્વને તે અળખામણો લાગે છે, તે નરકમાં પડે છે, તેના શરીરમાં અનેક જાતના રોગ થાય છે. અને તેનું શરીર નબળું રહે છે—પાપી માણસની આવી અવસ્થા થાય છે; એ વાત ધ્યાનમાં રાખી તું કોઇ દિવસ પાપનું એક પણ કામ કરીશ નહિ અને બીજાને પાપનું કામ કરવાનું કહીશ નહિ.

જગુ—બાપા ! તમે કહ્યું. તે મારા મનમાં ઉતર્યું છે, હવેથી હું કદિ પણ પાપ કરીશ નહિ, તેમજ કોઇની પાસે કરાવીશ નહિ, તેમજ જે પાપ કરતા હોય તેને ટેકો આપીશ નહિ, પણ તે પાપ કરતાં અટકે એવું કરીશ.

સારબોધ.

જેમ જગુએ પોતાના બાપની શીખામણ માની પાપ ન કરવું, એવો નિશ્ચય કર્યો, તેમ હરેક શ્રાવકના છોકરાએ તેમ કરવું જોઇએ. અને પાપ કરવાથી કેવું નઠારૂં ફળ મળે છે, તે વાત ધ્યાનમાં લેવી જોઇએ.

સારાંશપ્રશ્નો.

૧ જગુ રોતો રોતો ઘેર આવ્યો, તેનું શું કારણ ?
૨ જગુ પોતાના માસ્તર પાસે કેવી રીતે વર્ત્યો હતો
૩ પાપ કેટલે પ્રકારે ભોગવાય છે ?
૪ પાપ કરવાથી કેવું નઠારૂં ફળ મળે છે તેનું ટુંકું વર્ણન કરો.
૫ જગુએ પોતાના બાપ પાસેથી કેવીશીખામણ લીધી હતી ?

પાઠ ૩૨ મો.

આશ્રવ.

ગુરૂ—શિષ્યો ! આજે તમને આશ્રવને માટે સમજાવું છું. એ વાત ધ્યાનમાં રાખજો જેમ કોઇ તળાવમાં નાળા વાટે સારૂં નરસું પાણી આવે છે, તેમ જીવની અંદર સારાં અને નરતાં કર્મ આવે છે. જીવ એક તળાવ છે, શરીર, જીભ, નાક આંખ અને કાન એ પાંચ ઇંદ્રિયો તે તેનાં નાળાં છે, અને કર્મ પાણીને ઠેકાણે છે; જે આપણે સારાં કે નઠારાં કર્મ કરીએ, તે કર્મ-રૂપી પાણી પાંચ ઇંદ્રિયોરૂપી નાળાં વાટે જીવરૂપ તળાવમાં દાખલ થાય છે સારાં કર્મનાં આશ્રવથી પુણ્ય બંધાય, અને નઠારાં કર્મના આશ્રવથી પાપ બંધાય છે. જો આપણે શરીરથી [1]સારૂં કામ કરીએ, જીભથી સારૂં બોલીએ, અને કાનથી શાસ્ત્ર સાંભળીએ તો આપણે સારાં કર્મના આશ્રવથી પુણ્ય બાંધીએ છીએ, અને જો શરીરથી [2]નઠારૂં કરીએ, જીભથી નઠારૂં બોલીએ; અગર ન ખાવાનું ખાઇએ, તો આપણે નઠારાં કર્મના આશ્રવથી પાપ બાંધીએ, તેવી રીતે ગુસ્સો, અભિમાન, કપટ અને લોભ લાલચ રાખવાથી પણ પાપ બંધાય છે

---

૧ જેથી મનના વિચાર નઠારા ન થાય, તેમજ બીજા જીવને દુઃખ ન થાય તે. ૨ જેથી મનના વિચાર બગડે, અને ભુંડુ કામ કરવાનું મન થાય; અને બીજા જીવને દુઃખ થાય તે.

શિષ્યો—ગુરૂજી ? તે પાંચ ઇંદ્રિય સિવાય આશ્રવના બીજા પ્રકાર હશે કે નહીં ?

ગુરૂ—હા, બધા મળીને આશ્રવના બેંતાળીશ ભેદ થાય છે, તે હું તમને બીજી વેળાએ સમજાવીશ.

સારબોધ

આ પ્રમાણે આશ્રવની સમજણ લઇને દરેક શ્રાવકના પુત્રે નઠારા આશ્રવને છોડી દેવા જોઇએ.

સારાંશ પ્રશ્નો.

૧ આશ્રવ એટલે શું ? તળાવને કોની સાથે સરખાવવું ?
૨ પાણી અને નાળાંની સાથે કોની સરખામણી થાય ?
૩ પુણ્ય અને પાપ કેવા આશ્રવથી બંધાય ?
૪ આશ્રવના બધા મળીને કેટલા પ્રકાર છે ?

પાઠ ૩૩ મો.

સંવર.

વિઠ્ઠલદાસ નામનો એક છોકરો હતો. તે ઘણો ધર્મી અને નિયમ પ્રમાણે કામ કરનારો હતો. તે દરરોજ દેરે જતો,

અને ઉપાશ્રયે ગુરૂના મુખનો બોધ સાંભળી પાછો ઘેર આવી નિશાળે જતો. એક વખતે તેણે ઘેર આવી પુછયું, બાપા ? આજે હું ઉપાશ્રયે ગયો હતો, ત્યાં કોઇ તપસી મુનિનાં મારે દર્શન થયાં. તેમની દુબળી કાયા જોઇ મને વિચાર થયો કે, સાધુઓ શામાટે આટલા બધા દુઃખી થતા હશે ?

બાપા—ભાઇ વિઠ્ઠલ ? તું આમ કેમ પુછે છે ? તું નવતત્વ ભણ્યો છું કે નહિ ?

વિઠ્ઠલ—હા, બાપા ? હું ભણ્યો છું. પણ મને કોઇ ઠેકાણે બરાબર સમજણ પડી નથી, માટે સમજાવો.

બાપા—સંવર એટલે શું ? તે તું જાણે છે ?

વિઠ્ઠલ-ના, મને બરાબર સમજણ પડી નથી, તે સમજાવો.

બાપા—જે આપણે હમેશાં કાંઇ પણ સારાં નરતાં કામ કરીએ, તેનાથી કર્મ બંધાય છે. તે બંધાતાં કર્મ જેનાથી રોકાય. તે સંવર કહેવાય છે. કર્મને રોકનાર સંવર કરવામાં ઘણી મહેનત છે, તે સાધુ કે તપસીજ કરી શકે છે. ભુખ, તરસ, ટાઢ, ગરમી, ડાંસ અને રોગ વિગેરે બાવીશ પ્રકારના પરીષહ એટલે દુઃખ [1]સહન કરવાથી સંવર થઇ શકે છે, તે સિવાય બીજા સંવરના સત્તાવન ભેદ પણ કહેલા છે.

---

૧ સમતાથી રાગ, દ્વેષ ર્ક્યા સિવાય સહન કરવાથી.

વિઠ્ઠલ—બાપા ? શું તે સાધુજી તેવા પરિષહને સહન કરી સંવર કરતા હશે ?

બાપા—હા, મુનિઓ તેવું કરી શકે છે, તેં જે મુનિને દુઃખી જોયા, તે પણ તેવાજ સમજવા.

વિઠ્ઠલ—બાપા ? ધન્ય છે, તેવા મુનિને. હવે હું તેમને હમેશાં વાંદવા જઈશ.

સારબોધ.

વિઠ્ઠલદાસની જેમ દરેક છોકરાએ દેવગુરૂનાં દર્શન કરવાં, અને સંવરનો અર્થ સમજી સારી ભાવના ભાવવી.

સારાંશપ્રશ્નો.

૧ વિઠ્ઠલદાસ કેવો છોકરો હતો ?

૨ સંવર એટલે શું ?

૩ પરિષહમાં શું શું સહન કરવું જોઈએ ?

૪ સંવરના કેટલા ભેદ છે ?

પાઠ ૩૪ મો.

નિર્જરા.

ચંદુલાલ નામનો એક છોકરો દરરોજ દેરે દર્શન કરીને જમતો હતો. ગમે તેવું કારણ હોય, તોપણ તે પ્રભુનાં દર્શન

કર્યા વિના રહેતો નહીં. એક વખતે મોહનલાલ નામનો એક બીજો છોકરો, જે તેનો મિત્ર હતો, તેને ઘેર ચંદુલાલ આવ્યો. ચંદુલાલે કહ્યું, ભાઈ મોહનલાલ ? તારા બાપા ક્યાં છે ?

મોહનલાલ—મારા બાપા ઘરમાં છે. તારે શું કામ છે ?

ચંદુલાલ—મારે તેમને કાંઇ પુછવાનું છે.

મોહનલાલ—શું પુછવાનું છે ?

ચંદુલાલ—તારા બાપાને ધર્મનું જ્ઞાન સારૂં છે, તેથી મારે એક શંકા પુછવાની છે.

પછી મોહનલાલ ચંદુલાલને પોતાના બાપની પાસે ઘરમાં લઇ ગયો. મોહનલાલના બાપનું નામ જિનદાસ હતું.

ચંદુલાલ—જિનદાસ કાકા ? કાંઇ પણ પાપ લાગે તો શું કરવું ?

જિનદાસ—તે કેવું પાપ છે ?

ચંદુલાલ—ભુલથી જુઠું બોલવાનું પાપ થયું હોય તો શું કરવું ?

જિનદાસ—તેનું ગુરૂ પાસે પ્રાયશ્ચિત્ત લેવું.

ચંદુલાલ—કાકા ? પ્રાયશ્ચિત્ત લેવાથી પાપ ચાલ્યું જશે ?

જિનદાસ—હા, પ્રાયશ્ચિત્ત એ તપ કહેવાય છે.

ચંદુલાલ—તે કેવી રીતે તપ કહેવાય ? તે સમજાવો.

જિનદાસ—નિર્જરા નામે એક તત્ત્વ છે. નિર્જરા તપ કરવાથી થાય છે. તપ બાર પ્રકારનાં છે. છ બાહ્ય એટલે

[1]શારીરિક અને છ આભ્યંતર એટલે [2]માનસિક. ૧ ઉપવાસ, ૨ ઓછો આહાર ૩ ટુંકામાં નિર્વાહ, ૪[3]આંબીલનીવી, ૫[4]કાયક્લેશ, અને ૬ [5]અંગ સંકોચવું એ છ બહારનાં તપ છે. અને ૧ પ્રાયશ્ચિત, ૨ વિનય, ૩ વૈયાવચ્ચ, ૫ ભણવું ભણાવવું. ૫ ધ્યાન અને ૬ કાયા વિગેરે પર વસ્તુનો ત્યાગ—એ છ અંદરનાં તપ કહેવાય છે એ બારે પ્રકારનાં તપથી નિર્જરા થાય છે.

ચંદુલાલ—કાકા ! તમે એ બહુ સારી રીતે સમજાવ્યું, તેને માટે હું આપનો આભાર માનું છું

પછી ચંદુલાલ ગુરૂ પાસે પ્રાયશ્ચિત્ત લઈ શુદ્ધ થયો.

સારબોધ.

દરેક છોકરે ચંદુલાલની પેઠે દેરે જવું, અને પાપ લાગવાથી આલોયણા લઈ કરેલાં કર્મની નિર્જરા કરવા તત્પર થવું.

સારાંશ પ્રશ્નો.

૧ ચંદુલાલ કેવો છોકરો હતો ? તે કહો.

૨ નિર્જરા એટલે શું ?

---

૧ શરીર જેનાથી તપે ૨ મન જેનાથી તપે. ૩ દુધ, દહીં, ગોળ વિગેરેનો ત્યાગ. ૪ કાયાને ધર્મને અર્થે દુઃખ દેવું. ૫ વગર કારણે રખડવું નહીં.

૩ તપના બધા મળીને કેટલા પ્રકાર છે ?
૪ અંદરનાં અને બાહારનાં તપ ગણાવો.

પાઠ ૩૫ મો.

બંધ.

એક વખતે કેટલાએક શિષ્યો ગુરૂની આગળ આવી કહેવા લાગ્યા કે, ગુરૂ મહારાજ ! અમને બંધનો અર્થ સમજાવશો?

ગુરૂ—શિષ્યો ! તમે ધ્યાન દઇને સાંભળજો. કર્મનો જીવની સાથે જે સંબંધ થાય, તે બંધ કહેવાય છે. જેમ દુધ અને પાણી મળી જાય છે, તેમ કર્મનાં પુદ્ગળ જીવની સાથે મળી જાય, તે બંધ કહેવાય છે. જેમ કેદી બંદીખાને સ્વતંત્ર રહી શકતો નથી, તેમ આત્મા કર્મના બંધથી સ્વતંત્ર રહી શકતો નથી. તે બંધના ચાર ભાગ પડે છે. કર્મનો સ્વભાવથી બંધ, તે પહેલો પ્રકૃતિ બંધ કહેવાય છે અમુક કાળસુધી કર્મનો બંધ, તે બીજો સ્થિતિ બંધ કહેવાય છે કર્મનો ઓછો વધતો [1]અનુભવ થાય તે ત્રીજો અનુભાગબંધ કહેવાય છે, અને કર્મનાં પુદ્ગળ ઓછાં વધતાં હોય તે ચોથો પ્રદેશ બંધ કહેવાય છે. તેના ઉપર તમને એક દાખલો સમજાવું, સાંભળો. આખી સુંઠીના લાડવાનો એક ઘાણવો

---

૧ રસનું ભોગવવું.

નાખ્યો; અને તે લાડવા બાંધ્યા હોય, તેમાં કેટલાક લાડવા પિત્ત કરનાર અને કેટલાક વાત કરનાર થાય છે, તે પ્રકૃતિ (સ્વભાવ) કેટલાક લાડવા તરત ખવાય છે, કેટલાક અમુક દિવસ પછી ખવાય છે, તે સ્થિતિ (કાળ), કેટલાક લાડવામાં ગળપણ, ઘી વિગેરે વિશેષ હોય, કેટલાકમાં ઓછું હોય તે રસ (અનુભાગ), કેટલાક લાડવામાં બુંદી વધારે હોય, કેટલાકમાં ઓછી હોય, તે પ્રદેશ બંધ કહેવાય તેમજ કર્મના બંધમાં સમજવું. ગુરૂનાં આ વચનો સાંભળી શિષ્યો ખુશી થઈ ગયા, અને તે વિષેનો વિચાર કરી હંમેશાં તેનુંજ મનન કરવા લાગ્યા.

સારબોધ.

જેમ અહીં ગુરૂના કહેલા બંધતત્ત્વના ખુલાસાથી તેના શિષ્યો બરાબર સમજીને તેનુંજ મનન કરવા લાગ્યા, તેમદરેક શ્રાવકના પુત્રે બંધતત્ત્વની સમજુતી મેળવી તેવું મનન કરવું.

સારાંશ પ્રશ્નો.

૧ બંધ કોને કહેવાય ? તે દાખલો આપી સમજાવો.

૨ બંધને લઇને જીવ કોની માફક સ્વતંત્ર રહી શકતો નથી?

૩ બંધના કેટલા પ્રકાર છે ? તેની સમજુતી સાથે નામ આપો.

૪ બંધમાં દાખલો શું છે?

પાઠ ૩૬ મો.

મોક્ષ,

હીરજી નામનો એક છોકરો પોતાના ન્યાયચંદ નામના મિત્રને ઘેર મળવા ગયો. ન્યાયચંદે હીરજીને જોઇને પુછયું, વ્હાલાભાઈ! આજે ક્યાંથી આવો છો!

હીરજી—ભાઈ ન્યાયચંદ! હું ઉપાશ્રયે ગયો હતો. ત્યાં મોક્ષ તત્વને માટે મુનિમહારાજાએ મને સારી રીતે સમજાવ્યું તે તને કહેવાને માટે હું આવ્યો છું.

ન્યાયચંદ—ભાઈ! તે તું બરાબર સમજ્યોછું?

હીરજી-હા મારી બુદ્ધિ પ્રમાણે તો બરાબર સમજ્યોછું.

ન્યાયચંદ-ત્યારેજે હું પુછું,તે બધું બરાબર સમજાવીશ?

હીરજી-હા, ભાઈ! જે તારે પુછવું હોય તે ખુશીથી પુછ.

ન્યાયચંદ—મોક્ષ એટલે શું?

હીરજી—આ દુનિઆમાં સારાં નરસાં કર્મમાંથી છુટી જીવ પોતાના શુદ્ધ સ્વરૂપને પામી કર્મથી છુટો થાય તે મોક્ષ કહેવાય છે.

ન્યાયચંદ-મોક્ષનુ સ્વરૂપસમજવાને કોઇ રીતેછે કે નહિ?

હીરજી—હા, તેનાં નવદ્વાર કહેવાય છે, તે નવદ્વારથી મોક્ષનું સ્વરૂપ સમજાય છે.

ન્યાયચંદ—તે દ્વાર કેવી રીતનાં છે તે કહે ?

હીરજી—જેમાં છતાં પદની પ્રરૂપણા હોય, એટલે મોક્ષ એ એક પદ છે, અને વાચક છે. જે એક પદ વાચક હોય, તેનો વાચ્ય અવશ્ય હોવો જોઇએ એમ સાબીત કરવો, તે સત્ય પ્રરૂપણા નામે પેહેલું દ્વાર છે. મોક્ષના જીવ કેટલા છે ?તેનો વિચાર કરવો તે બીજું દ્રવ્ય પ્રમાણ દ્વાર છે. મોક્ષના જીવને રહેવાનું ક્ષેત્ર કેટલું છે? તેનો વિચાર કરવો, તે ત્રીજુ ક્ષેત્ર દ્વાર છે. મોક્ષના જીવ કેટલા આકાશના ભાગને ફરસે એવો ? વિચાર કરવો, તે ચોથું સ્પર્શના દ્વાર છે મોક્ષના જીવનો કાળ આદિ અને અનંત છે, અને અનેક સિદ્ધ આસરી અનાદિ અનંત છે, એક સિદ્ધ આસરી, એવા વિચારને પાંચમું કાળ દ્વાર કહે છે મોક્ષના જીવોની વચ્ચે અંતર નથી, એમવિચારવું તે છઠું અંતદ્વાર છે મોક્ષના જીવ સંસારી જીવને અનંતમે ભાગેછે, એવો વિચાર તે સાતમું ભાગદ્વાર છે. મોક્ષના જીવની અંદર [1]ક્ષાયિક ભાવ છે, બીજા ભાવ નથી, એમ વિચારવું, તે આઠમું ભાવદ્વાર છે. મોક્ષના જીવોપંદર પ્રકારના છે, તેમાં

[1] કર્મો ક્ષય થવાથી.

ક્યામાં થોડા અને ક્યામાં ઘણા છે, એમ વિચારવું તે અલ્પ-બહુત્વ નામે નવમું દ્વાર છે. આ પ્રમાણે નવદ્વારથી મોક્ષનું સ્વરૂપ સમજાય છે. ભાઇ ન્યાયચંદ! આ બધાનો વિચાર કરીશ, એટલે તને મોક્ષનું સ્વરૂપ બરાબર સમજાશે, અને આમાં જે વિશેષ સમજવાનું છે, તે પાછળથી સમજાવીશ.

ન્યાયચંદ–ભાઇ હીરજી! હવે હું સારી રીતે સમજી ગયો મને મેહેનત લઈ સમજાવ્યો તેને માટે તમારો ઉપકાર માનું-છું- પછી ન્યાયચંદ ખુશી થતો પોતાને ઘેર ચાલ્યો ગયો.

સારબોધ.

દરેક શ્રાવકના છોકરાએ મોક્ષનું સ્વરૂપ સમજવાને માટેં ન્યાયચંદની જેમ હોંશ રાખવી, અને સમજાવનારનો આભાર માની પોતાના કાંમમાં તત્પર રહેવું.

સાંરાંક્ષ પ્રશ્નો.

૧ હીરજી અને ન્યાયચંદ કેવા મિત્ર હતા ? અને ન્યાયચંદ હીરજીને ઘેર શામાટે ગયો હતો. ?

૨ મોક્ષ એટલે શું. ?

૩ મોક્ષ સમજવાના ઉપાય શું છે ?

૪ મોક્ષ સમજવાના ઉપાયનાં નામ આપો.

૫ ભાવદ્વારા, અંતદ્વાર, સત્પદપ્રરૂપણાદ્વાર અને સ્પર્શનાદ્વાર વિષે સમજાવો.

૬ મોક્ષના જીવ કેટલા છે? મોક્ષના જીવનો કાળ કેવી રીતે છે? અને મોક્ષના જીવ સંસારી જીવને અનંતમે ભાગે છે, એવો વિચાર કયા કયા દ્વારમાં થાય છે, તેનાં નામ આપો.

સમાપ્ત.

ચતુર્વિંધ શ્રી સંઘના કેળવાયેલા ભાગે પસંદ કરેલી તથા ઘણાં ગામ—શહેરની જ્ઞાનશાળા-ઓમાં-પાઠશાળાઓમાં,-કન્યાશાળાઓમાં અને સ્કૂલોમાં ચાલુ થયેલી

જૈન વાંચનમાળા.

૧ જૈન ધર્મ પ્રવેશપોથી ભાગ ૧ લો આવૃત્તિ નવમી	૦—૨—૦
૨ „ „ ભાગ ૨ જો „ „	૦—૪—૦
૩ „ „ ભાગ ૩ જો „ પાંચમી	૦—૬—૦
૪ „ „ ભાગ ૪ થો „ ચોથી.	૦—૭—૦
૫ જૈન ધર્મ પહેલી ચોપડી.	૦—૮—૦
૬ „ બીજી ચોપડી.	છપાય છે.
૭ જૈન ધર્મ પ્રવેશપોથી ભાગ ૧-૨ ના અર્થ.	૦—૨—૦
૮ „ „ ભાગ ૩ ના અર્થ.	૦—૨—૦
૯ „ „ ભાગ ૪ ના અર્થ.	૦—૨—૦
૧૦ જૈનશાળા ઉપયોગી અંકગણિત ભાગ ૧-૨ દરેકની	૦—૧—૬
૧૧ જૈનશાળોપયોગી લઘુ વ્યાકરણ.	૦—૨—૬
૧૨ જૈનશાળોપયોગી જૈન બાળ ગરબાવળી.	૦—૪—૦
૧૩ જૈન ઇતિહાસ.	૦—૧૦—૦
૧૪ અદ્ભૂત દૃષ્ટાંત માળા.	છપાય છે.
૧૫ આનંદમંગળ સ્તવનાવળી ભાગ ૧-૨	છપાય છે.

લખો.

મેસર્સ-મેઘજી હીરજી.

નં. ૫૬૬ પાયધુની—મુંબઈ.

શિક્ષકોપયોગી વચનામૃત.

૧ " બાળક એ મનુષ્યનો પિતા છે. " વર્ડ્ઝવર્થ

૨ " જે શાળા ઉઘાડે છે તે કેદખાનું બંધ કરે છે. "

૩ " શિક્ષકના ધંધા જેટલો બીજો કોઇ પણ ધંધો ઉચ્ચ વા પવિત્ર નથી. "

૪ " બાળકના મગજમાં હકીકત ભરવી એનું જ નામ કેળવણી નથી; પરંતુ હેની શક્તિઓને સર્વાંશે ખીલવવી એનું નામ કેળવણી છે. "

૫ " શિક્ષકે વિદ્યાર્થીઓ આગળ ' વધારે ઉજ્વળ જીવનના ચિત્રો ' રજુ કરવાં જોઇયે અને તેમને તે માર્ગે દોરવા જોઇયે. "

૬ " કુમળા ઝાડને વાળવું હોય તેમ વળી શકે છે તેમ બાળકને કેળવવું હોય તેમ કેળવી શકાય છે. "

૭ " બાળકને કોઇપણ કારણે મૂર્ખ અથવા અશક્તિમાન કહેવો જોઇયે નહિં. શિક્ષકનો તો એવો મુદ્રાલેખ હોવો જોઇએ કે દરેક બાળકનામાં કોઈ ને કોઇ પ્રકારની શક્તિ છે જ.

૮ " બાળ કેળવણી એ શિક્ષકના ધંધાની સર્વોત્તમ કળા છે. કામ કરવાની વસ્તુ જેમ વધારે ખરાબ તેમ કારીગરની કુશળતા વધારે. એક મહાન તત્ત્વવેત્તા.